
ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૮ || અંક: ૪ || એપ્રિલ ૨૦૨૬ || સળંગ અંક : ૬૫૪

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चरुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.ecvm.net

# ISTAR, CVM યુનિવર્સિટી ખાતે
# રાષ્ટ્રીય પરિષદ BCCIS-2026 નું સફળ આયોજન






સીવીએમ યુનિવર્સિટીની સંસ્થા ISTAR દ્વારા તા. ૧૯ અને ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમ્યાન "Emerging Trends in Biological, Chemical, Computer and Interdisciplinary Sciences (BCCIS-2026)" વિષય પર રાષ્ટ્રીય પરિષદનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિષદ માટે GSBTM, DST અને GUJCOST દ્વારા આર્થિક સહાય પ્રાપ્ત થઈ હતી. આ પરિષદે સંશોધન અને આંતરવિષયક અભ્યાસને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. પરિષદના ઉદ્‌ઘાટન સમારંભમાં સીવીએમના ચેરમેન અને સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી એન્જિ. ભીખુભાઈ પટેલ સાહેબ દ્વારા આશીર્વચન પાઠવવામાં આવ્યા હતા. તેમણે આંતરવિષયક સંશોધન અને નવી ટેક્નોલોજીના યુગમાં આવા પરિષદોના મહત્વ પર વિશેષ ભાર મૂક્યો હતો અને વિદ્યાર્થીઓ તથા સંશોધકોને સંશોધનક્ષેત્રે આગવું યોગદાન આપવા પ્રેરણા આપી હતી. આ પરિષદમાં દેશભરના વિદ્યાર્થીઓ, સંશોધકો અને પ્રાધ્યાપકો તરફથી ઉત્સાહજનક પ્રતિસાદ મળવાથી કુલ ૪૪૫ રજિસ્ટ્રેશન થયા હતા, જેમાં ૧૨૦ પોસ્ટર અને ૬૫ ઓરલ પ્રેઝેન્ટેશનનો સમાવેશ થાય છે. પરિષદ દરમિયાન કેમિકલ, બાયોલોજિકલ, કોમ્પ્યુટર સાયન્સ અને ઇન્ટરડિસિપ્લિનરી ક્ષેત્રોમાં નિષ્ણાતો દ્વારા કુલ ૧૨ વિશેષ વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશેષજ્ઞોએ સસ્ટેનેબિલિટી, નેનોમેડિસિન, માઇક્રોબિયલ ટેક્નોલોજી, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, નેનોમટિરિયલ્સ, સેટેલાઇટ ઈમેજરી, ઇન્ડસ્ટ્રીયલ હાઇજિન અને AI આધારિત ડ્રગ ડિસ્કવરી જેવા આધુનિક અને પ્રાસંગિક વિષયો પર માર્ગદર્શન આપ્યું હતું. આ પરિષદે યુવા સંશોધકો અને વિદ્યાર્થીઓને તેમના સંશોધનકાર્ય રજૂ કરવા માટે ઉત્તમ મંચ પૂરો પાડ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉત્સાહભેર ચર્ચાઓ અને જ્ઞાનનું અસરકારક આદાન-પ્રદાન થયું હતું. પરિષદના સમાપન સમારંભમાં સીવીએમ યુનિવર્સિટીના પ્રોવોસ્ટશ્રી પ્રો. (ડૉ.) ઈન્દ્રજિત પટેલ દ્વારા રાષ્ટ્રીય પરિસંવાદનું મહત્વ તથા વિજ્ઞાનક્ષેત્રે નવીનતમ સંશોધનો તેમજ યુનિવર્સિટીના વિઝન અને મિશન વિશે ચિતાર આપવામાં આવ્યો હતો. તેમણે પરિષદના આયોજન બદલ આયોજકોને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા અને આ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓ ભવિષ્યમાં પણ સતત યોજાતી રહે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. આ પરિષદના સફળ આયોજન માટે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. એમ.એમ. રાજ અને કૉલેજ સંયોજક ડૉ. જીગર પટેલનો વિશેષ સહયોગ અને માર્ગદર્શન પ્રાપ્ત થયા હતા.




વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

એપ્રિલ-૨૦૨૬
વર્ષ : ૨૮ અંક : ૪
સળંગ અંક : ૬૫૪

**ISSN 0976-9609-V Vidyanagar**



**તંત્રી**
ઉર્વીશ છાયા
**પરામર્શન**
ભગીરથ બ્રહ્મભટ્ટ
**સંપાદક મંડળ**
આર. કે. માંડલિયા ● મનીષા રાઠોડ
ભીખાભાઈ દેસાઈ ● રાજીવ પટેલ



**પ્રકાશક**
ડૉ. એસ. જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

●

**મુદ્રક**
સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ : ૧૯૪૫

कर्मण्येवाधिकारस्ते



**પ્રમુખ** — શ્રી પ્રયાસ્વીનભાઈ બી.પટેલ
**ઉપપ્રમુખ** — શ્રી મનીષભાઈ એસ.પટેલ

**અધ્યક્ષ** — શ્રી ભીખુભાઈ બી. પટેલ
**માનદ્ મંત્રી** — ડૉ. એસ. જી. પટેલ

**માનદ્ સહમંત્રીઓ**
શ્રી મેહુલ ડી. પટેલ     શ્રી વિશાલ એચ. પટેલ


**વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ**

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિતકલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયૉટૅક્નૉલૉજી, હોટેલ મેનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ એન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી ●કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ● ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-
વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર www.vvidyanagar. ecvm. net પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચાર-કણિકા**

વેદનાથી શેષનાગ તીરથમાં શ્રી પ્રાગરાજ,
ગોવર્ધન તોળ્યો ગરવ ઈન્દ્ર હર્યા, હે સખી૦


|| પ્રાથમ્ય || ચાંલ્લાનું કવર............................૩
**સંકલન : એસ.જી.પટેલ (લેખકઃ પાર્થિવ નાણાવટી)**
|| વૈભવ અને વારસો || ..............................૬
**પદ્ય-વિભાગ :** રામદાસ
|| નવાં કાવ્યો || ........................................૭
**લત્તા હિરાણી, જિજ્ઞા વ્હોરા,**
**મંગળ રાવળ 'સ્નેહાતુર' આશા મયુર કારિયા**
|| વૈભવ અને વારસો ||
**ગદ્ય-વિભાગ :** મજૂરીનો મોભો.......................૮
**વિનોબા ભાવે**
|| લઘુકથા-૧ || મુખૌટો..................................૯
**જાગૃતિ 'નિર્મોહી'**
|| લઘુકથા-૨ || બળી રહ્યો...............................૯
**પ્રફુલ્લ રાવલ**
|| પ્રવાસ નિબંધ || અલમોડા........................૧૦
**સતીષ પટેલ**
|| પ્રાસંગિક || વિદ્યાનગરના વિશ્વકર્માઓ...........૧૨
**દર્શક કે. પરમાર**
|| વાર્તા-સમીક્ષા || 'દૂંટી' નાભિનાળના સંબંધના વિચ્છેદની કથા............................................૧૫
**રાધા તળપદા**
|| આસ્વાદ || ગૃહસ્થ જીવનની હળવાશ પ્રસરાવતી રા.વિ.પાઠક કૃત જક્ષણી વાર્તા .......................૧૭
**મયંકકુમાર જે. પટેલ**
|| એક-તીર્થંકર : પરિચય || જૈન સાધ્વી : મલ્લીનાથ...૧૯
**ચંદ્રકાન્ત પટેલ 'સરલ'**
|| ચિંતનકણિકા || Shakespeare Quote.........૨૨
**આર. કે. માંડલિયા**
|| કલાદર્શન || ભારતીય કલા દષ્ટિનું પુનરાવલોકન- 'કલા બત્રીસી' : .......................................૨૩
**ભાનુ એમ. પરમાર**
|| આયુર્વેદ || પ્રકૃત : માનવ શરીરનો પાયો ............૨૪
**[૧]પ્રો.સરિતા ભુતડા, [૨]આશિષ એમ. ભડાણિયા**
|| અહેવાલ || KG Birthday Celebration .....૨૭
**શેફાલી મહાજન**
|| વિદ્યાવૃત્ત || ................૯, ૧૧, ૧૪, ૨૧, ૨૮




ISSN 0976-9609

## ॥ પ્રાથમ્ય ॥

## ચાંલ્લાનું કવર

**સંકલન : એસ.જી.પટેલ (લેખક : પાર્થિવ નાણાવટી)**

નિવૃત્તિ એટલે શું ?

નિવૃત્તિ એટલે બોજરૂપ પ્રવૃત્તિ તરફથી તમને જે પ્રવૃત્તિમાંથી આનંદ મળતો હોય તે તરફ સરકવાનો પ્રયાસ કરવો અથવા પ્રયાણ કરવું અથવા સંકલ્પ લેવો.

મોટાભાગે વ્યક્તિ આર્થિક પ્રવૃત્તિને વિરામ એટલે નિવૃત્તિ સમજતા હોય છે. તેમાં ખોટું પણ નથી. સમાજ, પરિવારની જરૂરિયાત સંતોષવાના અથાગ પ્રયત્ન કરતા કરતા તેના જીવનની સંધ્યા ક્યારે થઈ જાય છે તેનું તેને ભાન રહેતું નથી.

હાથમાં મુઠ્ઠી જેટલા દિવસો, સામે સૂર્ય અસ્ત થવાની તૈયારી. છતાં પણ ''કરી લઉં હું દુનિયાને મુઠ્ઠીમાં''ના સ્વપ્ન જોવા એ જ સાચી નિવૃત્તિ.

સ્વીટુના લગ્ન થયા પછી મેં નિવૃત થવાનું ઘરમાં જાહેર કર્યું.

સ્વીટુએ પણ આનંદ સાથે મારા નિર્ણયને આવકાર્યો. ઉચ્ચ ભણતર સાથે ઉચ્ચ પગારની નોકરી હોવા છતાં તે જમીન ઉપર વાસ્તવિકતા સાથે કદમ મેળવી રહ્યો હતો. ભૂતકાળમાં મેં કરેલ ભૂલ તે ન કરે એ માટે તેને તેના બાળપણથી જ વાસ્તવિકતાનું જ્ઞાન હું આપતો જતો હતો.

બાળકો મોટા થાય ત્યારે તેમને તેમની જવાબદારી કે ફરજ આપણે સમજાવવી ન પડે તે જ સાચો ઉછેર સમજવો.

રવિવારે સવારે અમે બેઠા હતા, ત્યારે હું કંકોત્રી વાંચતો હતો. સ્વીટુ બોલ્યો. 'પપ્પા તમારા મિત્ર દવેકાકાના દીકરાના લગ્ન ક્યારે છે ?'

મેં કહ્યું, 'આજે સાંજે. પરિવાર સાથે આવવા માટે ખૂબ આગ્રહ કર્યો છે.'

સ્વીટુએ કહ્યું, 'આપણે સાથે કારમાં જઈશું.'

થોડીવાર પછી સ્વીટુ બોલ્યો, 'પપ્પા ચાંલ્લો, કેટલો કરવો જોઈએ ?'

મેં હસીને કહ્યું, 'રહેવા દે બેટા એ વ્યવહાર અમે કરી લઈશું.'

રવિવારની સવારે સ્મિતા, સ્વીટુની પત્ની ડિમ્પલ બધા અમે હળવાશના મૂડમાં બેઠા હતા.

સ્વીટુ હસી પડ્યો અને ખૂબ જ સૂચક, સત્ય અને કડવું હસતા હસતા બોલી ગયો..

'પપ્પા આખી જિંદગી તમે દરેક પ્રસંગમાં આર્થિક વ્યવસ્થા હોય કે ન હોય, આખર તારીખ હોય કે આકસ્મિક ખર્ચાઓ. આ બધાની વચ્ચે પણ તમે ચાંલ્લો અથવા વ્યવહાર કુટુંબ, મિત્રો, અડોશી-પડોશીઓને કર્યા છે. ત્યારે અમે નાના હતા. સમજતા ન હતા, પણ અત્યારે વિચાર આવે છે. ખૂબ અઘરું કામ છે.'

હું ગંભીરતાથી તેને સાંભળી રહ્યો હતો.

તે આગળ બોલ્યો, 'હવે તમે અને મમ્મી આનંદ કરો. ઘરની જવાબદારી હોય કે વ્યવહારની હોય એ બધું જ સમજી લ્યો મારી ફરજનો હવે પછી એક ભાગ હશે. માત્ર તમારે વ્યવહાર ક્યાં અને કેટલો કરવાનો એ માર્ગદર્શન જ આપવાનું છે.'

હું કોર્નર ટેબલ ઉપર રાખેલ મારા પપ્પાના ફોટા સામે જોઈ વિચારમાં પડી ગયો.

સ્વીટુ બોલ્યો, 'પપ્પા શું વિચારો છો ?'

'કંઈ નહિ બેટા. તારા દાદા યાદ આવી ગયા.'

'કેમ ?' સ્વીટુ બોલ્યો

મેં ભીની આંખે છતાં હળવાશના મૂડમાં કહ્યું, તારી ઉંમરે હું આટલો સમજુ ન હતો.

'મતલબ...' સ્વીટુ બોલ્યો.

'મતલબ આખી જિંદગી ખેતી મા-બાપ કરે અને પાક

લણવાનો સમય આવે ત્યારે આખલો આવીને ચરી જાય.'

બધા હસી પડ્યા...

'બેટા, સત્ય કડવું હોય છે પણ તે યોગ્ય સમયે સમજાય તો ઔષધિ બની જાય છે.'

''મારા લગ્ન થયા ત્યારે ચાંલ્લાની રકમ એ સમયે રૂા. ૮૦,૦૦૦ થઈ હતી. સ્વાભાવિક છે. પપ્પા પણ ભૂતકાળમાં વ્યવહારમાં કોઈ જગ્યાએ પાછા પડયા ન હતા. કોઈ વખત ઉપરાછાપરી પ્રસંગ આવે ત્યારે મમ્મી-પપ્પા ચિંતામાં પડી જતા. છતાં પણ પપ્પા આઘુપાછું કરી વ્યવહારો હસતા મોઢે સાચવી લેતા.'

'મારો સ્વભાવ થોડો ઉડાઉ લગ્ન પહેલા હતો. નોકરીએ લાગ્યો પછી પણ બચત ઉપર ઓછો ભાર આપતો. પપ્પા કહેતા, ''બેટા આપણે મધ્યમવર્ગ પરિવારના સંતાન છીએ. આપણને નવાબી શોખ અને લોકોની સાથે હરીફાઈ ન પોસાય.''

'જિંદગી એક સફર છે આ સફર દરમિયાન નાના કે મોટા આકસ્મિક ખર્ચ આવતા જ રહે છે. એવા સંજોગો દરમિયાન આપણા આત્મસન્માનને સાચવવા માટે બચત એક જ ઉપાય છે. વૈભવી ખર્ચ કે વૈભવી રીતે રહેવાથી આબરુદાર નથી બનાતું. આબરુદાર તો જીવનમાં તમે કોઈ પાસે હાથ ન ફેલાવો ત્યારે બનાય છે.'

'પપ્પાને મારા સ્વભાવની ખબર હતી એટલે ચાંલ્લામાં આવેલ રૂપિયાનો મેં જ્યારે આડકતરી રીતે હિસાબ પૂછ્યો ત્યારે તેમણે કહ્યું એ લગ્નની બાકી નીકળતી ચુકવણી ચૂકવવામાં વપરાઈ ગઈ છે.

'ત્યારે મને થોડું ખોટું લાગ્યું હતું. કારણ કે એ રૂપિયામાંથી અમારે વિદેશ હનીમૂન કરવા જવું હતું.'

બેટા, સ્વીટુ ખરેખર લગ્નમાં ચાંલ્લાની પ્રથા આ માટે જ ચાલુ થઈ હતી કે દીકરી કે દીકરાના લગ્ન સમયે મા-બાપને આર્થિક ઘસારો જે પડ્યો હોય તેમાં મદદ કરવા ફૂલ નહિ તો ફૂલની પાંખડી આપવી નાની મોટી ચૂકવણી તેમાંથી થઈ જતી. પણ આજકાલના બાળકો ચાંલ્લો એટલે એ પોતાની વ્યક્તિગત આવક સમજી બેઠા છે. એ કદી સમજતા નથી અત્યાર સુધી સંબંધો સાચવ્યા તેમાં તેઓનું યોગદાન કેટલું હતું ?'

'ખરેખર ગિફ્ટ નહિ, ચાંલ્લા જ પ્રસંગે લખાવવા જોઈએ ગિફ્ટ તો દીકરી સાસરે લઈ જાય છે.'

મેં વિદેશ હનીમૂન જવાનું માંડી વાળ્યું. સમયને જતા વાર ક્યાં લાગે છે ? એક વર્ષ પછી તારો જન્મ થયો. હવે ખર્ચાઓ ચાલુ થયા. તું મોટો થવા લાગ્યો જ્યારે સ્કૂલમાં એડમિશન લેવા ગયા ત્યારે એ સમયે ૧ લાખ રૂપિયા ડોનેશન તેઓએ માંગ્યું. મારી પાસે બચત એટલી બધી ન હતી. પપ્પાની બચત કરવાની સલાહ મને ધીરે ધીરે યાદ અપાવતી હતી. હેસિયત વગરની વાતો અને હેસિયત વગરના ખર્ચ વ્યક્તિને એક દિવસ સ્વમાન ગીરવે મુકવા મજબૂર કરે છે.

'અમે ઘરે આવ્યા, મારો અને તારી મમ્મીનો ઉતરેલ ચહેરો જોઈ તારા દાદાએ પૂછ્યું, ''સ્વીટુનું એડમિશન પાક્કું થઈ ગયું ?''

મેં વિગતે વાત કરી. તારા દાદા કહે. 'ચિંતા ન કરો એડમિશન માટે તૈયારી કરો. મેં કહ્યું, પણ પપ્પા ૧ લાખ રૂપિયાની વ્યવસ્થા ક્યાંથી કરવી ?'

'તારા દાદા ઊભા થયા અંદરના તેમના રૂમમાં ગયા થોડા સમય પછી બહાર આવી મારા હાથમાં એક મોટું કવર મૂક્યું અને બોલ્યા, ''લે બેટા.''

મેં કહ્યું, 'પપ્પા આ કવર ?'

તારા દાદા હસીને બોલ્યા તારા લગ્નના ''ચાંલ્લાનું કવર'' છે.

રૂા ૮૦,૦૦૦ ચાંલ્લો આવ્યો હતો રૂા ૨૦,૦૦૦ મેં ઉમેરી પાંચ વર્ષની ફિક્સ તારા નામે લઈ લીધી હતી. આ ફિક્સ તારી જ છે તેને વટાવી સ્વીટુનું એડમિશન પાક્કું કરી લે.

'મારી આંખો ભીની હતી, સાથે સ્મિતાની આંખો


ISSN 0976-9609

પણ ભીની હતી, કારણકે ગેરસમજ તેને પણ પપ્પા પ્રત્યે થઈ હતી. તે પણ પિયરપક્ષમાં મેળવેલ ચાંલ્લાની રકમ અમારા ઘરે લઈને આવી હતી. ખરેખર એ રકમ ઉપર તેના પિયરનો હક્ક હતો.

જે મા બાપે કોઈપણ પ્રકારના સ્વાર્થ અને નિષ્કામ ભાવે તમારો ઉછેર કરવા પાછળ તેમની બચતો દાવ ઉપર લગાવી દીધી હોય તેને ચાંલ્લામાં ઇન્ટરેસ્ટ નથી હોતો. તેમણે તમારા ઉછેર દરમિયાન અસંખ્ય ઘા જીવનમાં સહન કર્યા હોય છે તેઓ એક ઘા વધુ ખમી લેશે.'

'દરેક સમયે મા બાપ જ મોટું મન રાખે ? શું બાળકોની ફરજ નથી કોઈ વખત તે પણ મોટું મન રાખે ?' મારી આંખો ભીની હતી

સ્વીટુ બોલ્યો દાદા is great..

મેં કહ્યું, 'હા બેટા, ઘણી વખત વડીલોને સમજવામાં બાળકો ભૂલ કરી બેસતા હોય છે પણ જ્યારે ભૂલ સમજાય ત્યારે ઘણી વખત મોડું થઈ ગયું હોય છે. અથવા એવા સમયે વડીલોની વિદાય આપણા જીવનમાંથી થઈ ચૂકી હોય છે.'

'જેણે આપણી કેરિયર બનાવવા માટે પોતાના અરમાનોને દફનાવી દીધા હોય અથવા દાવ ઉપર લગાવી દીધા હોય તેને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ.'

મેં વાતને હળવી બનાવવા કીધું, 'બેટા, તારા ચાંલ્લાની રકમનું કવર પણ મારી પાસે પડ્યું છે.'

સ્વીટુ હસીને બોલ્યો ... 'પપ્પા તેમાંથી વિદેશ ટુર તમે અને મમ્મી કરી આવો, જો રકમ ખૂટતી હોય તો મને કહેજો, એ રકમના સાચા હક્કદાર તમે છો.'

'ખૂબ સંઘર્ષ સાથે તમારું જીવન પસાર થયું છે તમે હવે માત્ર આનંદ કરવાના હક્કદાર છો.'

હું સ્વીટુ સામે આદરભાવે જોતો રહ્યો અને વિચારતો રહ્યો. આપણે ભૂતકાળમાં કોઈ ભૂલ કરી હોય તો તેનું ફરી પુનરાવર્તન ન થાય એ પ્રમાણે આપણે બાળકો સાથે વર્તવું જોઈએ, જેથી બાળકોનું ઘડતર એ પ્રમાણે થાય, જેથી નિવૃત્તિ સમયે બાવળની જગ્યાએ આંબા નીચે બેસવાનો આનંદ મળે.'

મિત્રો,

'કોઈ વખત શાંતિથી વિચારો. જે માબાપે તમારી કેરિયર બનાવવા પોતાની બચત ખર્ચ કરી નાખી એ જ માબાપનો તમારા લગ્ન પછી તમારા પગાર ઉપર અધિકાર જતો રહે છે. તમે આર્થિક રોકાણ પણ બાળકો અને પત્નીના નામે કરો છો.

'મા-બાપને શુ મળ્યું ? તેમણે તમારામાં કરેલ રોકાણનું શુ ?'

મા-બાપનું સર્જન નિષ્કામ ભાવે કર્મ કરવા માટે થયું છે.

તમે ભલે દુનિયાની સફર માણતા રહો પણ મા-બાપને કોઈ કોઈ વખત જાત્રાએ લઈ જવાની ફરજ ચૂકતા નહિ.

બ્યુટી પાર્લર પાછળ હજારો રૂપિયા ખર્ચી નાખતા હો ત્યારે તમારા બાપ સામે જોઈ વિચાર કરજો. તેને લાગેલ થાકને ઉતારવા તેલની માલિશ કરાવવી હોય તો પણ ૧૦૦ વખત વિચાર જ કરતો રહે છે, પણ રૂપિયા ખર્ચી શકતો નથી આવા બાપની લાગણી સમજવા પ્રયત્ન કરજો. ઈશ્વર ખુશ થશે.

THINK TWICE ACT WISE

---

માનદ્ મંત્રી
ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર
ફોન (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
E-mail : sgpatel1948@gmail.com

## હે સખી ! શ્રીકૃષ્ણ મુને

રામદાસ

હે સખી ! શ્રીકૃષ્ણ મુને મારગમાં મળ્યા
મારગમાં મળ્યા ને મારાં ચિત્તડાં ચલ્યાં,
ચંદર કોટિ સૂરજ મોરમુગટમાં જડ્યા, હે સખી૦

ધન્ય ધન્ય નંદજી જશોમતી,
દોષ જન્મ મરણ ગરળ વાસના ટાળ્યા, હે સખી૦

છપન કોટિ વાછરૂ પ્રજાપતિ હરી ગયા,
ગ્વાલ-બાલ વાછ અંતરીક્ષથી ક્યાં, હે સખી૦

વેદનાથી શેષનાગ તીરથમાં શ્રી પ્રાગરાજ,
ગોવર્ધન તોળ્યો ગરવ ઈન્દ્રના હર્યા, હે સખી૦

વેદ શાસ્ત્ર કરે વખાણ સુરપતિ કરે પ્રણામ,
રામદાસને તે પ્રભુ પ્રેમથી મળ્યા,
હે સખી ! શ્રીકૃષ્ણ મુને મારગમાં મળ્યા.

રામ સખી રામદાસ સખી ભાવે શ્રીકૃષ્ણ મારગમાં મળ્યા તેનો અનુભવ ધોળમાં રજૂ કરે છે. કૃષ્ણનું અનુપમ રૂપ એવું છે કે તેને જોતાં જ ચિત્તડું ચોરાઈ જાય છે. તેનામાં પાગલ થઈ જાય છે. તેના મોર મુગટમાં કોટિ સૂરજ, ચંદ્ર જડ્યા હોય તેવું તેજ છે. નંદ અને જશોમતીને ધન્ય છે જેને ઘેર હરિએ આ લીલા રચી. પ્રભુએ જન્મ-મરણનો ફેરો ટાળ્યો. પ્રભુએ ગોકુળમાં ગ્વાલ-બાલ, વાછર એ તેમની લીલાનો જ વિસ્તાર હતો. વેદ શાસ્ત્રો પણ જેનાં વખાણ કરી થાક્યા અને સુરપતિ જેને પ્રણામ કરે છે તે પ્રભુ રામદાસને પ્રેમે મળ્યા.

---

**વ્યક્તિએ ભગવાન સમક્ષ નમવું જોઈએ, બીજાની સામે નહીં.**
**આપણું માથું નમેલું ન હોવું જોઈએ.**

**વધુ પડતી વાત કરવાથી કોઈ ફાયદો થતો નથી, પરંતુ નુકસાન જ થાય છે.**

 ISSN 0976-9609

## ।। નવાં કાવ્યો ।।

### ઢળતી વયે

**લતા હિરાણી**

ટહુકા ને સન્નાટા વચ્ચે, આપણ બેઉ સાથ છીએ રે !
તેજ અને છાયાની વચ્ચે, આપણ બેઉ સાથ છીએ રે !

યુગ ભલે ને આથમતો આ પળની આપણ જાત છીએ રે
જીવતર ને ઝળહળની વચ્ચે આપણ બેઉ સાથ છીએ રે !

તણાઈ જાતી રમણા ભ્રમણા, એવા આછરતા અજવાળે
સ્પર્શ અને સંવાદો વચ્ચે આપણ બેઉ સાથ છીએ રે !

ફુરસદના આ ઓઘ ઊછળતા, એક જ નામ રમંતુ જીહ્વે
સમજણ ને સગપણની વચ્ચે આપણ બેઉ સાથ છીએ રે!

પગલાંઓ જ્યાં ઓગળતા ને મૌન મ્હાલતી શેરી સારી
હવા અને સુસવાટા વચ્ચે આપણ બેઉ સાથ છીએ રે !

E-mail:lata.hirani55@gmail.com

### મને ત્રીજા પ્હોરે

**મંગળ રાવળ 'સ્નેહાતુર'**

**(શિખરિણી)**

મને ત્રીજા પ્હોરે ગહન સપનાં કાં'પ્રવિશતાં ?
કદી હું લેખું ને નવ કશુંવનાં કારણ ઉઠી-
કહે છે ઉધ્વાંગે અસર ઘટનાં ઉન્નત ગણો!
અરે ! હું જાગું ને તરત ઝબકી નાર વદતી-
કરી દ્યો અંધારું ! અલગ કમરે જાવ લખવા...
મને ના ઊજાગ્રા સહન કરતી નેણ ઘડિયે !
કદી એકાન્તે' તો કવન કરતા છંદ મળતાં
રચાવે વાત્સલ્યે અભિમુખ થતી લુપ્ત ઘટના
અને એ સંદર્ભે ભર ભર ભરું ઓછવ પણે !
છતાં એ વેળાએ ચણભણ કરી બાહ્ય પછિતો
વિખેરી નાખે છે સમુચિત થતો દેશ મુજનો!
કહો કોને કહેવો દહન કરતો દાહ ઉઠતો !
હવે હું મારામાં સમય વણતો મૌન મતિએ;
પણે વૃતાન્તોમાં હડફ કરતી વાત ગતિએ !

મુ.પો. અંબાલા, તા.બહુચરાજી, જિ.મહેસાણા,
(ઉ.ગુ.) પીનકોડ નં. ૩૮૪૪૧૫
સિકોતેર સેવાંશ, રમ્યરોચક પંચવટી, અયોધ્યાનગર,
અંબાલા (મો) ૯૭૨૭૫૮૭૭૧૦

### ગીત : કાનજી કરે તે સહી

**જિજ્ઞા વ્હોરા**

વાખી કમાડ બધા અંદર 'ને બાર'ના
કાયાથી નીકળી હું ગઈ... હવે કાનજી કરે જે તે સહી

આ મેલ્યાં લે મેં તો હોડી હલેસાં ને
બેઠી તરાપાની મહીં
નકશો ના હાથમાં ને પ્હોંચવું ન ક્યાંય હવે
પોટલાં ઝુરાપાના લઈ... હવે કાનજી કરે જે તે સહી

જીવવા કે મરવાના ભેદ ભૂંસાયા ત્યાં
હૈયાને ધરપત થઈ ગઈ
મોતી પરવાળા ક્યાં શોધવા'તા આપણે તો
છીપલાં વીણીને રાજી ભઈ ... હવે કાનજી કરે જે તે સહી

જીવતર આખાનો ભાર હૈયે ધરબ્યો
ને તોય કાયાથી ડુબાયું નહીં
જાણ્યું એ જ્યારથી કે દરિયો ન ડુબાડે
દરિયાનો કોઈ ભો નહીં... હવે કાનજી કરે જે તે સહી

(મો) ૯૮૨૫૫૩૦૨૪૦

### વસંતોત્સવ

**આશા મયુર કારિયા**

પામવા પ્રીતમનો પારિજાત સંગ, સખી
મેં તો આંખોમાં આંજ્યા મોરપિચ્છનાં રંગ, સખી
વિરહની વ્યથામાં વ્યાકુળ અંગ અંગ, સખી
વલોવે વાલમનો વ્હાલ વિયોગી ઉર વિહંગ, સખી
મેં તો આંખોમાં આંજ્યા મોરપિચ્છનાં રંગ, સખી
શિશિરે શુષ્ક ઓષ્ઠ સુમન સેવવા અમૃત અનંગ, સખી
ઇન્દ્રધનુષી આભમાં ઊડે ગુલાબી યાદોની પતંગ, સખી
મેં તો આંખોમાં આંજ્યા મોરપિચ્છનાં રંગ, સખી
આમ્રકુંજે કોકિલના કંઠે છલકે ઊર્મિ ઉછરંગ, સખી
સમરાંગણે શોણિત વેદી શ્રીધરી,
ને તો યે પુષ્પધન્વા અભંગ, સખી
મેં તો આંખોમાં આંજ્યા મોરપિચ્છનાં રંગ, સખી
જો ને કેવો આ વાસંતી કેફ!
ભાસે ઝાંઝવામાં જલતરંગ, સખી
પામવા પ્રીતમનો પારિજાત સંગ, સખી
મેં તો આંખોમાં આંજ્યા મોરપિચ્છનાં રંગ, સખી

Email:ashaasia@gmail.com

## ।। વૈભવ-વારસો : ગદ્ય વિભાગ ।।

## મજૂરીનો મોભો

વિનોબા ભાવે

હિંદુસ્તાનમાં આખરે કોઈ સવાલ હોય તો તે ગરીબીનો છે. અને આ દેશની પેદાશ વધ્યા વિના તેનો ઉકેલ નથી. પણ આજે સમાજમાં જે બે ભાગ પડી ગયા છે; તે કાયમ રહેશે, તો પેદાશમાં ગમે તેટલો વધારો થવા છતાં ગરીબીના સવાલનો ઉકેલ આવવાનો નથી.

આ દેશમાં કેટલાક લોકો વધારે પડતું કામ કરે છે, એમને તે લાચારીથી કરવું પડે છે અને છતાં એમને પૂરતું ખાવાપીવાનું મળતું નથી. એથી ઊલટું, બીજા લોકો થોડી ઘણી સેવા કરતા હશે ખરા, તેમ છતાં જેને પેદાશનું કામ કહેવાય તેમાં એ લોકો પડેલા ન ગણાય. એટલું જ નહીં, મહેનત-મજૂરીના કામને એ લોકો હલકું માને છે. તે એટલે સુધી કે જેના વિના સમાજને ચાલે નહીં એવા સારાં સારાં કામ કરનારને આપણે નીચ ગણીએ છીએ. કારીગરોને આપણે નીચા ગણ્યા, મજૂરોને હલકા ગણ્યા, ખેડૂતોને આપણે નીચા માન્યા; ને જે મહેનત-મજૂરી કરતા નથી તેમને આપણે ઊંચા માન્યા ! આ જ કારણે હિંદુસ્તાન નીચે પડ્યું છે.

પ્રોફેસર અને વિદ્યાર્થી, ન્યાયાધીશ ને વકીલ, વેપારી ને ભણેલાગણેલા જે બધા પોતાના દેશનું કલ્યાણ કરવા ઈચ્છે છે, તે પોતાના હાથ વડે કંઈક કામ કરે - ઘરમાં ઘંટી ફેરવે, સૂતર કાંતે, કંઈ ને કંઈ પેદા કરે, તો જ આ ભેદ મટી શકે.

આપણામાંનો એક એક માણસ કોઈ પણ પ્રકારની મજૂરી કરવા માંડે, તો આપણાં મગજ પણ ચોખ્ખાં થશે. આ વાત હું મારા પોતાના અનુભવ પરથી કહું છું. રોજના કલાકો સુધી મેં મજૂરીનું કામ કરેલું છે, અને એથી મારી વિચાર કરવાની શકિત વધી છે. હું ચોક્કસ માનું છું કે મેં મજૂરીનું કામ ન કર્યું હોત અને ખાલી વિચારો જ કર્યા હોત, તો આજે જેવા સ્પષ્ટ વિચારો હું કરી શકું છું તે ન કરી શકત. ન્યાયાધીશ જો રોજ કલાકેક કાંઈક મજૂરીનું કામ કરશે - કોદાળીથી જમીન ખોદશે, લાકડાં ફાડશે, ઘંટી પર દળશે કે રેંટિયાથી કાંતશે - તો તેના ચુકાદા વધારે સાચા નીવડશે. આ રીતે ચાલવાથી આપણા મગજને થાક લાગતો નથી.

આમ કરવાથી દેશમાં પેદાશ વધશે. એટલું જ નહીં, આપણે ત્યાં મજૂરીનો મોભો પણ વધશે; મજૂરી કરવાવાળા લોકો આજે હલકા ગણાય છે તે ઊંચા આવશે. કબીર વણકર થઈને વણતા હતા, તે વખતે વણકરોનો જે મોભો હતો તે આજે ક્યાં છે ? રોહીદાસ ચમારનું કામ કરતા, તે વખતે ચમારની જે પ્રતિષ્ઠા હતી તે આજે ક્યાં છે ? નામદેવ દરજીનું કામ કરતા, તે જમાનામાં દરજીની જે ઈજ્જત હતી તે આજે ક્યાં છે ? કૃષ્ણ ભગવાન ખેતરોમાં મજૂરી કરતા અને ગાયો ચારતા. ત્યારે ખેડૂત અને ગોવાળનું જે સ્થાન હતું તે આજે ક્યાં છે ? મહમ્મદ પેગંબર હાથ વડે મજૂરી કરતા. આપણા જેટલા સંતો થઈ ગયા છે તે બધા યે કોઈ ને કોઈ મજૂરીનું કામ કરતા.

---

**પ્રયત્ન કરવો એ આપણી ફરજ છે ! જો આપણે આપણું કર્તવ્ય પૂરું ન કરીએ તો આપણે ઈશ્વરના અપરાધી બનીએ છીએ.**

 ISSN 0976-9609

॥ લઘુકથા ॥

## મુખૌટો

જાગૃતિ 'નિર્મોહી'

બસમાં એક અશક્ત વૃદ્ધા ચડ્યા. ''પૈસા નથી'' કહી લાચારી બતાવી, એટલે એક મુસાફરે દયા ખાઈને તેમનું ભાડું ચૂકવવાની તૈયારી બતાવી. પ્રેરણાબેને વહાલથી પૂછ્યું, ''બા, ક્યાં જાવ છો?'' વૃદ્ધાએ ગર્વથી જવાબ આપ્યો, ''દીકરાના ઘરે! મારો દીકરો તો મોટો સાહેબ છે!''

પ્રેરણાબેનને શંકા ગઈ. તપાસતાં ખબર પડી કે બાના પાકીટમાં તો પૈસાની થપ્પી હતી ! જ્યારે ભાડું આપવાની વાત આવી ત્યારે બાએ હોબાળો મચાવ્યો, ''પેલા ભાઈ ટિકિટ લેશે, મારે નથી આપવા!'' છેવટે અડધા પૈસા આપીને પણ બા કંડક્ટર સામે વળતર માંગવા લાગ્યા.

પ્રેરણાબેન નિસાસો નાખી વિચારી રહ્યા ''ગરીબી તો વેશ હતો, અસલી કંગાળિયત તો દાનતની હતી.''

Email:ravaljagruti075@gmail.com

॥ લઘુકથા ॥

## બળી રહ્યો !

પ્રફુલ્લ રાવલ

'બોલેલું બધું વ્યર્થ ગયું.' એ મનોમન બોલ્યો. પછી વિચાર્યું: 'આમ જ થાય.' હવે મારું અસ્તિત્વ ક્યાં ? ત્યાં મોબાઈલની સ્ક્રીન પર પ્રકાશ થઈને ઓલવાઈ ગયો. રહી કેવળ ધવલતા. થોડી ક્ષણ એ જોઈ જોઈ રહ્યો એ ધવલતાને. થયું ? 'કોનો મેસેજ હશે !' એ હથેળીની રેખાઓ સાથે જોઈ રહ્યો પાંચે આંગળીઓ. એણે અનામિકાના ટેરવાથી મેસેજ ખોલ્યો ! વાંચ્યો: 'હું આવીશ સૂર્યના પ્રથમ કિરણના સ્પર્શ પછી.'

અપેક્ષા સાથે પ્રતિક્ષાકાળ વહેતો રહ્યો. બીજા દિવસની સવાર પછી પણ વાદળોમાં સૂર્ય ઢંકાયેલો રહ્યો, છેક બપોર લગી. એણે હળવેથી વાદળોને પૂછ્યું: તમેય હરીફ બન્યા ?

વાદળોએ એક ઈર્ષાળુ સ્મિત કર્યું એ થોડાં ખસ્યાં એ સાથે બપોરનો તડકો એના તનને - મનને બાળી રહ્યો.

બી-૧૨, માધવ એપાર્ટમેન્ટ,
મ્યુનિસિપલ ગાર્ડનની સામે,
વાસણા બસ સ્ટેન્ડની પાછળ,
વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭,
ગુજરાત-ભારત (મો) ૯૮૭૯૦૧૩૧૭૦

## ॥ વિદ્યાવૃત્ત ॥

**એસ.ડી. દેસાઈ હાઈસ્કૂલ વલ્લભ વિદ્યાનગર :** આણંદ જિલ્લામાં રમતગમત ક્ષેત્રે એસ. ડી. દેસાઈ હાઈસ્કૂલ વલ્લભ વિદ્યાનગર સતત સાત વર્ષથી જિલ્લાની શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ તથા રૂપિયા ૧.૫ લાખ દર વર્ષે પ્રાપ્ત કરે છે. શ્રી નીતિનભાઈ પટેલ, વ્યાયામ શિક્ષકના માર્ગદર્શન હેઠળ ચાલુ વર્ષે શાળાની બે વિદ્યાર્થિની બહેનો કુરાશ સ્પર્ધા રાજ્યમાં ગોલ્ડ મેડલ મેળવી નેશનલ કક્ષાએ ભાગ લેવા ગઈ હતી. તેમનું ચારુતર વિદ્યામંડળ દ્વારા વિદ્યાનગરના ૮૧મા સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે સન્માન કરવામાં આવ્યું તથા શાળાને પણ ગૌરવ પુરસ્કાર આપી શાળાના પ્રિન્સિપાલ શ્રી ધર્મેન્દ્રભાઈ ત્રિવેદીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ॥ પ્રવાસ નિબંધ ॥

### અલમોડા

**સતીષ પટેલ**

કૌસાનીના ચાના બગીચાઓની હરિયાળી અને અનાસક્તિ આશ્રમની દિવ્ય શાંતિને આત્મામાં ભરીને જ્યારે અમે અલમોડા તરફ પ્રયાણ કર્યું, ત્યારે પહાડોના વળાંકો જાણે એક નવો જ ઇતિહાસ ખોલી રહ્યા હતા. સમુદ્ર સપાટીથી આશરે ૧૬૦૦ મીટરની ઊંચાઈએ, કુમાઉં ટેકરીઓના પૂર્વીય છેડે વસેલું અલમોડા માત્ર એક હિલ સ્ટેશન નથી, પણ સંસ્કૃતિ, સાહિત્ય અને શ્રદ્ધાનો ત્રિવેણી સંગમ છે. અર્ધચંદ્રાકાર પર્વતમાળા પર વસેલું આ નગર વર્ષોથી મુસાફરો, સાધુઓ અને લેખકોને પોતીકું લાગતું આવ્યું છે. પહાડની એક ધાર પર સવાર થઈને બેઠેલું આ શહેર દૂરથી જોતાં જાણે કોઈ તપસ્વીની જટા જેવું ભાસે છે, જેના ખોળામાં પ્રકૃતિ નચિંત થઈને પોઢી છે.

અલમોડામાં પ્રવેશતાં જ પહાડોની ભવ્યતા આપણને ઘેરી વળે છે. નસીબજોગ અમારી હોટલ પહાડની એક ઊંચી ટોચ પર સ્થિત હતી, અને એમાં પણ મારો ઉતારો ત્રીજા માળે ! રૂમની બાલ્કનીમાં ડગ માંડતા જ જાણે આખું બ્રહ્માંડ હથેળીમાં આવી ગયું હોય તેવો ભાસ થયો. સામે દેખાતા અડાબીડ પર્વતો, ખીણમાં પથરાયેલા નાનકડા મકાનો અને વાદળોની સંતાકૂકડી. આ દશ્ય એટલું મોહક હતું કે ત્યાંથી ઊભા થવાનું મન જ નહોતું થતું. લલિત નિબંધની ભાષામાં કહું તો, એ બાલ્કની એ માત્ર સિમેન્ટનું બાંધકામ નહોતું, પણ કુદરતના લાઈવ શોને જોવા માટેની શ્રેષ્ઠ પ્રેક્ષક ગેલેરી હતી. ત્યાં બેસીને કલાકો ક્યાં વહી જતા હતા, તેની ખબર સુદ્ધાં ન રહેતી. જ્યારે સૂરજના કિરણો પર્વતની પેલે પારથી ઢળતા હોય, ત્યારે પહાડોના રંગમાં જે બદલાવ આવે છે તે જોવો એ એક આત્મિક મિજબાની છે. ક્યારેક પહાડો ગાઢ લીલા લાગે, તો ક્યારેક સોનેરી આભામાં મઢાયેલા. પહાડો સાથેનો આવો મૌન સંવાદ જ તો સાચો પ્રવાસ છે.

રાત્રિના સમયે અલમોડાનો નજારો તો અદ્ભુત અને અકલ્પનીય હોય છે. જે પહાડો દિવસે લીલાછમ અને ગંભીર દેખાતા હતા, તે રાત પડતાં જ હજારો દીવડાઓથી ઝળહળી ઉઠ્યા. ખીણમાં વસેલાં ઘરોના પ્રકાશને કારણે એવું લાગતું હતું જાણે કોઈએ પૃથ્વી પર જ આકાશના તારાઓને વેર્યા હોય ! એ રોશનીના ટમટમતાં ટપકાં અને ઉપર નિર્મળ આકાશ આ બંને વચ્ચેની ભેદરેખા જાણે મિટાઈ ગઈ હતી. ઠંડો પવન જ્યારે ચહેરાને સ્પર્શીને જતો, ત્યારે અનુભવાતું કે પહાડો માત્ર પથ્થર નથી, પણ જીવંત અસ્તિત્વ છે. કાકાસાહેબ કાલેલકરે તેમના પ્રસિદ્ધ પુસ્તક ''હિમાલયનો પ્રવાસ''માં અલમોડા વિશે જે મુક્તકંઠે પ્રશંસા કરી છે, તેનો અર્થ અહીં આવ્યા પછી જ સમજાયો. કાકાસાહેબે પહાડોની આ નમ્રતા અને ભવ્યતાને શબ્દોમાં કંડારી હતી, અને આજે એ શબ્દો મારી નજર સામે જીવંત થઈ રહ્યા હતા. તેમણે લખ્યું છે તેમ, હિમાલયનો દરેક પથ્થર એક ઋષિ છે, અને અલમોડા એ ઋષિઓનું આંગણું છે.

અલમોડાની એક વિશેષતા એ પણ છે કે તે સ્વામી વિવેકાનંદ અને રવીન્દ્રનાથ ટાગોર જેવી મહાન વિભૂતિઓનું પ્રિય સ્થળ રહ્યું છે. વિવેકાનંદ અહીંની શાંતિમાં ધ્યાન ધરતા અને ટાગોરે અહીંના એકાંતમાં બેસીને કાવ્યો રચ્યા હતા. અહીંની હવામાં જ એક પ્રકારની સર્જનાત્મકતા છે. અલમોડામાં પણ દરેક હિલ સ્ટેશનની જેમ 'મૉલ રોડ' છે, પણ અહીંનો અનુભવ મસૂરી કે નૈનીતાલ કરતા તદ્દન અલગ છે. અહીંનો મૉલ રોડ સાવ સામાન્ય કક્ષાની દુકાનો અને અતિશય જૂના બાંધકામ ધરાવે છે. કદાચ આધુનિકતાની ઝાકઝમાળ શોધતા પ્રવાસીઓને આ સ્થળ ન ગમે, પણ જેમને સાદગી અને ઇતિહાસમાં રસ છે, તેમને આ જૂના મકાનોની ઈંટોમાં પણ કોઈ વાર્તા સંભળાશે. એ સાંકડી ગલીઓ અને જૂના ઢબના લાકડાના બારી-બારણાં આપણને વીતેલા જમાનાની યાદ અપાવે છે. અહીં બહુ મોટી બ્રાન્ડ્સ નથી, પણ


ISSN 0976-9609

સ્થાનિક લોકોનો નિખાલસ પ્રેમ અને પહાડી જીવનની સંઘર્ષમય છતાં સંતોષી ઝલક ચોક્કસ જોવા મળે છે. પહાડનો માણસ પહાડ જેવો જ ભોળો અને અડગ હોય છે, જે અહીંના બજારોમાં દેખાઈ આવે છે.

ભૌગોલિક રીતે જોઈએ તો અલમોડા કુમાઉં પ્રદેશનું હૃદય છે. ૧૬મી સદીમાં ચંદ્રવંશના રાજાઓએ તેને પોતાની રાજધાની બનાવી હતી. આજે પણ અહીંની સંસ્કૃતિમાં એ રાજવી ગરિમા અને પૌરાણિક વારસો ધબકે છે. જ્યારે અમે સ્થાનિક લોકો સાથે વાતો કરી, ત્યારે જાણવા મળ્યું કે અલમોડાની 'બાલ મિઠાઈ' અને 'સિંગૌડી' જેટલી પ્રખ્યાત છે, એટલું જ અહીંનું કાષ્ઠકામ પણ અનન્ય છે. જોકે, વધતા શહેરીકરણને કારણે જૂની હવેલીઓ હવે જર્જરિત થઈ રહી છે, જે જોઈને મનમાં થોડી વ્યથા પણ થાય.

અલમોડાની મુલાકાત ત્યારે જ પૂર્ણ ગણાય જ્યારે તમે તેના આધ્યાત્મિક કેન્દ્રોની ઝાંખી કરો. 'ચિતઈ ગોલુ દેવતા' મંદિર, જ્યાં હજારો ઘંટડીઓ ભક્તોની મનોકામનાની સાક્ષી પૂરે છે, અને કસાર-દેવી, જ્યાં પૃથ્વીની અદ્દ્ભુત ચુંબકીય શક્તિનો અુભવ થાય છે. કહેવાય છે કે આ સ્થળ ધ્યાન માટે વિશ્વના શ્રેષ્ઠ સ્થળોમાંનું એક છે. બાલ્કનીમાં બેસીને જ્યારે હું આ બધું વિચારતો હતો, ત્યારે મનમાં એક જ ભાવ જાગતો હતો કે મનુષ્ય ગમે તેટલી પ્રગતિ કરે, પણ શાંતિ તો તેને કુદરતના ખોળે જ મળે છે.

અલમોડાના એ પર્વતો, પેલી રાત્રિની ઝળહળતી રોશની અને ત્રીજા માળની એ બાલ્કનીમાં વિતાવેલી નિરાંતની ક્ષણો હવે મારી સ્મૃતિઓના કબાટમાં સુવર્ણ અક્ષરે અંકિત થઈ ગઈ છે. અલમોડાએ મને શીખવ્યું કે સાચું સૌંદર્ય ચમક-દમકમાં નહીં, પણ પહાડોની ગંભીરતામાં અને જૂની ગલીઓની સાદગીમાં છે. આ સફર માત્ર જોવાલાયક સ્થળોની નથી, પણ આંતરિક શાંતિને પામવાની એક યાત્રા છે.

**સંપર્ક સૂત્ર :** અધ્યાપક-ગુજરાતી વિભાગ
શ્રીમતી એમ.સી. દેસાઈ આર્ટ્સ અને કોમર્સ કૉલેજ,
પ્રાંતિજ, (મો) ૯૪૨૮૬૪૨૪૬૭

## ।। વિદ્યાવૃત્ત ।।

### ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરીનો એન.એસ.એસ.વાર્ષિક શિબિર

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરીનો એન.એસ.એસ.વાર્ષિક શિબિર પ્રિ.વિજયકુમાર સુથારના માર્ગદર્શન હેઠળ પેટલાદ તાલુકાના અગાસ મુકામે પ્રો.ઓ.પ્રકાશચંદ્ર સોલંકી, હીનાબેન ઢોલે, શ્રી અલ્પેશભાઈ પટેલ, ડૉ.રોહિણીબા પરમાર અને મમતાબેન બારોટ તેમજ સ્વયંસેવકોના સહયોગથી યોજાયો હતો. શિબિરનો સમાપન કાર્યક્રમ શાળાનાં પ્રિ.વિજયકુમાર સુથાર, બોદાલ ગામના વતની ઉદ્યોગપતિશ્રી દુષ્યંતભાઈ પટેલ (USA), બાંધણી ગામના વતની શ્રી સુનિલભાઈ પટેલ (USA), અગાસ સ્ટેશન પ્રાથમિક શાળાના પ્રિ.રીતેશભાઈ પટેલ, અનુગામી આચાર્ય ડૉ. અમિત ભટ્ટ અને એસ.એમ.સી.સભ્યની મંચસ્થ ઉપસ્થિતિમાં યોજાયો હતો. શિબિર દરમિયાન શ્રમકાર્ય, યોગ-ધ્યાન, જાગરૂકતા રેલી, શેરી નાટક, સર્વરોગ નિદાન કેમ્પ જેવી પ્રવૃત્તિઓ અને શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમની મુલાકાત કરાવવામાં આવી હતી. શિબિર દરમિયાન યોજાયેલી પ્રવૃત્તિઓના વિજેતા પ્રાથમિક શાળાના બાળકોને પ્રોત્સાહક ઈનામ એનાયત કરવામાં આવ્યા તેમજ મહાનુભાવોએ પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. ડૉ. રોહિણીબા પરમારે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

|| પ્રાસંગિક ||

## વિદ્યાનગરના વિશ્વકર્માઓ

**દર્શક કે પરમાર**

ત્રીજી માર્ચ આ તારીખ માત્ર કેલેન્ડર પરનો એક દિવસ નથી; આ એ સંકલ્પનો દિવસ છે, જે દિવસે ચરોતરની ધરતી પર જ્ઞાનના દીવા પ્રગટાવવાની મહત્ત્વાકાંક્ષા સાકાર સ્વરૂપ ધારણ કર્યું. આણંદ જિલ્લાના વિદ્યાનગર વિસ્તારમાં વસેલું આ જ્ઞાનધામ એક સપનાની સાકાર કથા છે. એવું સપનું, જેનું બીજ રોપ્યું હતું ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે. તેમનો વિશ્વાસ હતો કે રાષ્ટ્રની સાચી શક્તિ શિક્ષિત અને સંસ્કારી યુવાનોમાં વસે છે. ગામડાંના યુવકોને શહેરો સુધી ભટકવું ન પડે અને પોતાના પ્રદેશમાં જ ઉત્તમ શિક્ષણ પ્રાપ્ત થાય. એ જ ભાવનાએ વિદ્યાનગરના ઉદ્ભવને પ્રેરણા આપી. આજે, આ જ્ઞાનધામે પોતાના ગૌરવભર્યા ઇતિહાસના ૮૧મા સ્થાપના દિવસની ઉજવણી કરી છે. આ એક એવી યાત્રા, જે શિક્ષણ, સંસ્કાર અને રાષ્ટ્રનિર્માણનાં મૂળ મૂલ્યો સાથે અખંડ રીતે જોડાયેલી રહી છે.

આ મહાસંકલ્પને સાકાર કરવા માટે જે વિરાટ વ્યક્તિત્વે જીવન સમર્પિત કર્યું તે હતા પૂજ્ય ભાઈકાકા. ઇજનેર તરીકેની કારકિર્દી છોડીને તેમણે ચરોતરની ધરતી પર જ્ઞાનનગરી વસાવવાનો દૃઢ નિશ્ચય કર્યો. ખેતરો અને ખાલી મેદાનો વચ્ચે ભવિષ્યનું વિદ્યાધામ કલ્પવું સહેલું ન હતું, પરંતુ ભાઈકાકાની કર્મનિષ્ઠા, દૃઢતા અને સંગઠનશક્તિએ અશક્યને શક્ય બનાવ્યું. લોકસહકાર, દાનવીરોની ઉદારતા અને અખંડ પરિશ્રમના બળે અહીં સંસ્થાઓની સ્થાપના થવા લાગી. શિક્ષણ એ સેવા-આ સૂત્ર માત્ર શબ્દોમાં નહીં, પરંતુ કાર્યરૂપે અહીં પ્રતિબિંબિત થયું. વિદ્યાનગરના વિકાસમાં ડૉ. એચ.એમ.પટેલનું યોગદાન વિશેષ નોંધપાત્ર છે. દેશના વહીવટી ક્ષેત્રે પ્રભાવશાળી ભૂમિકા નિભાવ્યા બાદ તેમણે શિક્ષણક્ષેત્રે પોતાનું જ્ઞાનસભર દૃષ્ટિ અર્પણ કરી. સંસ્થાકીય માળખું મજબૂત કર્યું, ગુણવત્તાસભર અભ્યાસક્રમો શરૂ કર્યાં. અને રાષ્ટ્રીય સ્તરે વિદ્યાનગરને ઓળખ અપાવી. આ બધું તેમની દૂરંદેશી વિચારસરણીનું પરિણામ હતું. શિક્ષણમાં શિસ્ત અને મૂલ્યોનું સંવર્ધન તેમની પ્રાથમિકતા રહી.

આ જ માર્ગ પર આગળ વધતા ડૉ. સી. એલ. પટેલે સંસ્થાઓને આધુનિકતા સાથે સંકલિત કરી. સમયાનુકૂલ વિષયો, નવી ટેકનોલોજી અને સંશોધન પર ભાર મૂકી વિદ્યાનગરને શૈક્ષણિક નકશા પર આગવી ઓળખ અપાવી. તેમની કામગીરીએ વિદ્યાનગરને માત્ર ડિગ્રી આપતી સંસ્થા નહીં, પરંતુ વ્યક્તિત્વ ઘડતી વિદ્યાપીઠ તરીકે સ્થાપિત કર્યું.

હાલ ચેરમેન તરીકે કાર્યભાર સંભાળતા એન્જિનિયર ભીખુભાઈ પટેલના નેતૃત્વ હેઠળ વિદ્યાનગર વિકાસના નવા સોપાનો સર કરી રહ્યું છે. તેમના નેતૃત્વમાં ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીની સ્થાપના થઈ. તેમની કાર્યશૈલીમાં દૃષ્ટિ અને દૃઢતા બંનેનો અદ્ભુત સમન્વય જોવા મળે છે. તેઓ માત્ર પ્રશાસક તરીકે નહીં, પરંતુ એક સંવેદનશીલ શિક્ષણ સાધક તરીકે કાર્ય કરે છે. આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સ્માર્ટ ક્લાસરૂમ, ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મ અને ઉદ્યોગ સાથેના સક્રિય જોડાણ દ્વારા તેમણે વિદ્યાનગરને વૈશ્વિક સ્પર્ધા માટે સજ્જ બનાવવાનું ધ્યેય અપનાવ્યું છે. સ્ટાર્ટઅપ અને ઇનોવેશનને પ્રોત્સાહન આપતા તેઓ યુવાનોમાં આત્મવિશ્વાસ અને સ્વાવલંબનની ભાવના જગાવી રહ્યા છે.

તેમની કર્મઠતા એ છે કે તેઓ વિકાસને માત્ર કાગળો સુધી સીમિત રાખતા નથી; દરેક યોજનામાં તેમની સક્રિય હાજરી અને સૂક્ષ્મ દેખરેખ જોવા મળે છે. સંસ્થાની દરેક ઈમારત, દરેક પ્રોજેક્ટ અને દરેક શૈક્ષણિક પહેલમાં તેમની પ્રતિબદ્ધતા પ્રતિબિંબિત થાય છે. પરંપરાગત મૂલ્યોને અખંડ રાખતાં તેઓ આધુનિકતા તરફ નિર્ભય પગલાં ભરે છે. એ જ તેમની


ISSN 0976-9609

વિશેષતા છે. તેમની દૃષ્ટિમાં વિદ્યાનગર માત્ર શિક્ષણનું કેન્દ્ર નથી, પરંતુ રાષ્ટ્રનિર્માણની પ્રયોગશાળા છે, જ્યાં જ્ઞાન સાથે સંસ્કાર અને સંવેદનાનો પણ વિકાસ થાય.

વિશેષ ગૌરવની વાત એ છે કે તેમણે જિલ્લાના ગરીબ અને આર્થિક રીતે પછાત પરિવારોની દીકરીઓને મફત શિક્ષણ આપવાની જોગવાઈ અમલમાં મૂકી છે, જે માત્ર શૈક્ષણિક સહાય નહીં, પરંતુ સામાજિક પરિવર્તનની દિશામાં એક ક્રાંતિકારી પહેલ છે. આ નિર્ણયની તુલના આઝાદી પછી આચાર્ય વિનોબા ભાવેએ ચલાવેલી 'ભૂદાન ચળવળ' સાથે કરી શકાય; જે રીતે વિનોબાજીએ ભૂમિહીનોને જમીન અપાવી સક્ષમ બનાવ્યા હતા, તેવી જ રીતે વર્તમાન ચેરમેનશ્રીએ જિલ્લાની ગરીબ દીકરીઓને 'વિદ્યાદાન' આપી શિક્ષણરૂપી સશક્તિકરણની નવી ચળવળ છેડી છે. ''બેટી શિક્ષિત તો સમાજ શક્તિશાળી''ના વિચારને હકીકતમાં રૂપાંતરિત કરતા આ સંવેદનશીલ નિર્ણયે અનેક પરિવારોના સપનાઓને પાંખો આપી છે, જે તેમની માનવતાભરી દૃષ્ટિ અને સમાજ પ્રત્યેના અજોડ દાયિત્વબોધને સ્પષ્ટ કરે છે.

ભીખુભાઈ પટેલનું નેતૃત્વ એક પ્રેરણાદાયી અધ્યાય સમાન છે, જેમાં સંકલ્પ, પારદર્શિતા અને પ્રગતિના મજબૂત સ્તંભો સ્પષ્ટ રીતે દેખાય છે. તેમની કાર્યશીલતા, નિર્ણય ક્ષમતા અને દૂરદેશી વિચારસરણી વિદ્યાનગરને સતત નવી ઊંચાઈઓ તરફ દોરી રહી છે. શૈક્ષણિક વિકાસ સાથે સંસ્થાગત વિશ્વસનીયતા અને સામાજિક જવાબદારીને સંતુલિત રાખવાનો તેમનો અભિગમ વિશેષ નોંધપાત્ર છે. આ જ કારણે તેમના યોગદાનને માન્યતા આપતા ગુજરાત રાજ્ય સરકાર તરફથી તેમને ''ગુજરાત ગૌરવ એવોર્ડ''થી સન્માનિત કરવામાં આવ્યા છે, જે તેમના જાહેર જીવન અને શિક્ષણક્ષેત્રના કાર્યની પ્રતીકાત્મક સ્વીકૃતિ છે. છતાં, આ સન્માનની સાથે પણ તેઓ વિદ્યાનગરની મૂળ ભાવના-શિક્ષણ, સંસ્કાર અને સેવા-પ્રત્યે અડગ રહી, ભવિષ્યને વધુ દૃઢ, દિશાસૂચક અને પ્રકાશમય બનાવવા સતત પ્રયત્નશીલ છે.

ચારુતર વિદ્યામંડળે માત્ર ઇમારતો ઊભી કરી નથી; તેણે પેઢીઓનું ભવિષ્ય ઘડ્યું છે. ઈજનેરી, મેડિકલ, ફાર્મસી, આર્ટ્સ, કોમર્સ, મેનેજમેન્ટ, તબીબી શિક્ષણ અને વિવિધ વ્યાવસાયિક ક્ષેત્રોમાં અહીંથી અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓ દેશ-વિદેશમાં પોતાની પ્રતિભા ઝળકાવી રહ્યા છે. વિદ્યાનગરની ઓળખ માત્ર શૈક્ષણિક કેન્દ્ર તરીકે નહીં, પરંતુ સંસ્કાર, સંવાદિતા અને સામાજિક જવાબદારીના પ્રતીક તરીકે બની છે.

સ્થાપના દિવસ એ ભૂતકાળને વંદન કરવાનો અને ભવિષ્ય માટે નવી પ્રતિજ્ઞા લેવાનો અવસર છે. ત્રીજી માર્ચે જ્યારે સમગ્ર વિદ્યાનગર પરિવારમાં ઉજવણીનો માહોલ સર્જાય છે, ત્યારે દરેક વિદ્યાર્થી, શિક્ષક અને કર્મચારી આ સંસ્થાના વિશ્વકર્માઓને કૃતજ્ઞતા સાથે યાદ કરે છે. આ મહાનુભાવોએ બતાવ્યું કે દૃઢ સંકલ્પ, સદ્‌વિચાર અને સામૂહિક પ્રયત્નોથી એક નાનકડું ગામ વિશ્વવિખ્યાત જ્ઞાનધામ બની શકે છે.

વિદ્યાનગરની સફળતા પાછળ એક મહત્ત્વપૂર્ણ તત્ત્વ છે-લોકભાગીદારી. ચરોતરના ખેડૂતોએ જમીન અર્પી, દાતાશ્રીઓએ ધનદાન આપ્યું અને શિક્ષણપ્રેમી નાગરિકોએ સંસ્થાને પોતાની ગણાવી. આ સમૂહ-ચેતનાએ વિદ્યાનગરને મોડલ ટાઉન તરીકે ઓળખ અપાવી. અહીં શિક્ષણ માત્ર વ્યવસાય નથી; એ સમાજ નિર્માણનું સાધન છે, જેના કારણે આ નગરને આધુનિક ભારતનું ''નાલંદા'' પણ કહી શકાય.

આજે, વૈશ્વિકકરણ અને ટેકનોલોજીના ઝડપી પરિવર્તનના યુગમાં વિદ્યાનગર નવી શક્યતાઓ અને

પડકારોને આત્મવિશ્વાસપૂર્વક સ્વીકારી આગળ વધી રહ્યું છે. સંશોધન, સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપતા ઇન્ક્યુબેશન સેન્ટરો, સેન્ટર ઓફ એક્સિલન્સ અને ઉદ્યોગ સાથેના સંકલન દ્વારા યુવાનોને રોજગાર શોધનાર નહીં, પરંતુ રોજગાર સર્જનાર બનાવવાની દિશામાં તે કાર્યરત છે. આ સમગ્ર શૈક્ષણિક પ્રવૃત્તિનું કેન્દ્રબિંદુ તરીકે અહીં સરદાર પટેલ યુનિવર્સિટી અને ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી જેવી બે પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ ગુણવત્તાયુક્ત શિક્ષણ, સંશોધન અને આંતરરાષ્ટ્રીય સહયોગ દ્વારા વિદ્યાનગરની ઓળખને મજબૂત બનાવે છે; છતાં, આ તમામ આધુનિક પહેલોની વચ્ચે શિસ્ત, સેવા અને સંસ્કાર જેવાં મૂળ મૂલ્યો આજે પણ તેની શૈક્ષણિક આત્મા તરીકે અડગ રહ્યાં છે.

ત્રીજી માર્ચના સ્થાપના દિવસે, વિદ્યાનગરના વિશ્વકર્માઓને નમન કરતાં એક ભાવ ઉદ્ભવે છે. આ પ્રગતિનો પ્રવાસ અટકવાનો નથી. સરદાર પટેલનું સ્વપ્ન, ભાઈકાકાનો પરિશ્રમ, એચ. એમ. પટેલ અને સી. એલ. પટેલની દીર્ઘદષ્ટિ તથા ભીખુભાઈ પટેલનું નેતૃત્વ, આ બધું મળીને વિદ્યાનગરને સતત નવી ઊંચાઈઓ તરફ દોરી રહ્યું છે. વિદ્યાનગર માત્ર એક સ્થળ નથી; તે સંકલ્પ, સેવા અને સર્જનની જીવંત ગાથા છે. અને જ્યાં સુધી આ ભાવના અવિરત રહેશે, ત્યાં સુધી વિદ્યાનગરના વિશ્વકર્માઓની આ કથા પેઢી દર પેઢી પ્રેરણાસ્રોત બની રહેશે.

અધ્યાપક
બી એન્ડ બી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી,
વલ્લભ વિદ્યાનગર

## વલ્લભ વિદ્યાનગરની કનુભાઈ એમ. પટેલ ITI ખાતે એસી અને રેફ્રિજરેશન ગેસ ટેક્નિક પર બે દિવસીય વર્કશોપ સંપન્ન

વિદ્યામંડળ (CVM) સંચાલિત અને વલ્લભ વિદ્યાનગર ખાતે કાર્યરત કનુભાઈ એમ. પટેલ આઈ.ટી.આઈ. દ્વારા તાજેતરમાં ભારત સરકાર પુરસ્કૃત GIZ PROKLIMA પ્રોગ્રામ અંતર્ગત 'એસી અને રેફ્રિજરેશન ગેસ ટેક્નિક' વિષય પર બે દિવસીય વર્કશોપનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમ ભારત સરકારના સહયોગથી GIZ PROKLIMA પ્રોગ્રામ હેઠળ યોજાયો હતો, જેનો મુખ્ય ઉદ્દેશ્ય પર્યાવરણને નુકસાન ન પહોંચાડે તેવી આધુનિક ગેસ ટેક્નિકથી તાલીમાર્થીઓને માહિતગાર કરવાનો હતો. આ વર્કશોપમાં સંસ્થાના ફિટર (Fitter), ઇલેક્ટ્રિશિયન (Electrician) અને વેલ્ડર (Welder) ટ્રેડના તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બે દિવસ દરમિયાન નિષ્ણાતો દ્વારા તાલીમાર્થીઓને એસી અને રેફ્રિજરેશનમાં વપરાતા વિવિધ ગેસ, તેના ટેકનિકલ પાસાંઓ અને સલામતી અંગે પ્રેક્ટિકલ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી ડૉ. એસ. જી. પટેલ સાહેબે આ સફળ આયોજન બદલ સંસ્થાના આચાર્યશ્રી તથા સમગ્ર સ્ટાફગણને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આવા ટેકનિકલ વર્કશોપ દ્વારા વિદ્યાર્થીઓમાં કૌશલ્યવર્ધન થાય છે જે તેમને ઉજ્જ્વળ કારકિર્દી બનાવવામાં મદદરૂપ થશે.

## ॥ વાર્તા-સમીક્ષા ॥

## ''દૂંટી'' નાભિનાળના સંબંધના વિચ્છેદની કથા

**રાધા તળપદા**

માનવ જીવનમાં સંબંધો કોઈને કોઈ દોરથી બંધાયેલા હોય છે. જેમ કે, ભાઈ-બહેનનો સંબંધ એ રક્ષાના તાંતણે બંધાયેલો સંબંધ છે. પતિ-પત્નીનો સંબંધ વરમાળાના દોરથી જોડાય છે. વળી, મિત્રતાનો સંબંધ સંકટના સમયે સાથે રહેવાના વિશ્વાસથી જોડાયેલો હોય છે. આ સર્વમાં સૌથી અગત્યનો અને મહત્ત્વનો સંબંધ તે નાભિનાળનો સંબંધ. એટલે કે, માતાનો તેના સંતાન સાથેનો સંબંધ. માતાના ગર્ભમાં રહેલા શિશુને નવ મહિના સુધી નાભિનાળ દ્વારા પોષણ મળે છે અને તેનો વિકાસ થાય છે. માતાના ગર્ભથી લઈને છેક યુવાવસ્થા સુધી માતાના પ્રેમ અને વ્હાલપથી પોષણ પામેલો આ સંબંધ આગળ જતાં એકલવાયો કેમ બની જાય છે ? એ પ્રશ્નાર્થ છે. આવી જ એક 'દૂંટી' નામની વાર્તા લઈને આવે છે અજીત ઠાકોર. જે 'ખેવના' સામયિકમાં સપ્ટેમ્બર ૨૦૦૫માં પ્રકાશિત થયેલ છે.

કવિ, વાર્તાકાર, વિવેચક અને 'પરિસ્કૃતિ આંદોલન'ના પ્રણેતાઓમાંના એક એવા અજીત ઠાકોરનો જન્મ સુરત જિલ્લાના વાંકાનેડા ગામમાં થયો હતો. આધુનિકોત્તર ગાળાના નોંધપાત્ર સર્જકોમાં અજીત ઠાકોરનું નામ માનભેર લેવાય છે. તેમનો 'અલુક' નામનો કાવ્યસંગ્રહ ૧૯૮૧માં પ્રકાશિત થયો હતો. તેમનો બાર વાર્તાઓનો સંગ્રહ 'તખુની વાર્તા' નામે ૨૦૦૬ પ્રકાશિત થયેલ છે. પ્રસ્તુત વાર્તા આ જ વાર્તાસંગ્રહમાં સંગૃહિત થયેલી છે. તેમની વાર્તાઓમાં વીસમી સદીના આરંભે અનેક રીતે ભગ્ન બનીને વિચ્છિન્નતામાં ગરકાવ થઈ જતું જગત, કૌટુંબિક-સામાજિક સંબંધોમાં ભંગાણ-વગેરે વાર્તાઓનો વિષય બનીને આવે છે.

વાર્તાના વિષયવસ્તુની વાત કરીએ તો પ્રસ્તુત વાર્તામાં અજીત ઠાકોરે તખુ, ખુમાન, બાધર અને તખુ એમ ચાર ભણિતિ દ્વારા વાર્તાની રચનારીતિમાં નાવીન્ય બક્ષ્યું છે. અજીત ઠાકોરની વાર્તામાં તખુ નામનું પાત્ર મુખ્ય હોય છે. અને તેની આસપાસ વાર્તાના તાણાવાણા ગૂંથાય છે. 'દૂંટી' વાર્તાની પ્રથમ આવતા તખુના મનસંચલનમાં વાર્તાના શીર્ષકના સંદર્ભને લેખક કલાત્મક રીતે મૂકી આપે છે. તખુ કહે છે, 'પડછાયા બધા ટોળે વળી જગદંબાની સોનેરી નાભિ જેવા સૂરજને પડકારે.' આ વાર્તામાં તખુ, ખુમાન અને બાધરની ઉક્તિઓ દ્વારા આખા કુટુંબના સભ્યોના આંતરમનમાં ચાલતા સંઘર્ષોને સૂક્ષ્મતાથી નિરૂપિત કર્યા છે. આ વાર્તાનો મુખ્ય પ્રસંગ એ બને છે કે, વાર્તાનાયક તખુના બા બીમાર થયા છે. પરંતુ, બીમારી શું છે એ કોઈને કંઈ ચોક્કસ ખબર નથી. ઘરગથ્થુ ઉપાય કર્યા બાદ પણ બાને સારું નથી. તેથી એમને ભરૂચના ડોક્ટર સેજવાણીને બતાવી દઈએ એમ વિચારીને ઘરના બધા જ સભ્યો બાને લઈને, બાળપણમાં જે રસ્તે બા બાલાપીરના મેળે આ બધાને લઈ જતા એ જ રસ્તે ગાડી દોડાવે છે. પરંતુ આટલી જ કથામાં વાર્તા લેખકે બાના તેના સંતાન સાથેના અને સંતાનોના બા પ્રત્યેના ભાવોને ધારદાર રીતે રજૂ કરી આપ્યા છે. વાર્તાના આરંભમાં તખુનું ભાવવિશ્વ રજૂ થયું છે. તેને ઘર કરોળિયાના જાળા જેવું ભાસે છે. બા બીમાર છે, તખુના શબ્દોમાં કહીએ તો, પબાનું પેટ ફૂલીને ગાગર થઈ ગયેલું; બાની દૂંટી ફણગાવેલા વાલના દાણાની પેઠે બહાર નીકળી આવેલી વગેરે જેવા શબ્દસૂચનો દ્વારા બાને કઈ બીમારી હશે, તેનો થોડો ઘણો અણસાર લેખક આપી દે છે. વાર્તામાં વારંવાર આવતા ફુગ્ગાનો સંદર્ભ બાના પેટના પ્રતીક રૂપે આવે છે. બાની બીમારીની આ અવસ્થામાં પણ સૌને પોતાના સ્વાર્થ સિવાય કશું સૂઝતું નથી.

મોટાભાઈ અને ભાભી ઘર વેચી દેવાની તજવીજમાં છે. પરંતુ ખુમાનના મતે, જન્મ્યાં, મોટાં થયા એ બાપીકું ઘર કેમનું વેચી મરાય ? જ્યારે બાધર વેપારી બુદ્ધિથી વિચારે છે કે, આ તો 'વ્યાજ

લેતા મુદ્દલ ખોઈ' એવું થયું. એક બાજું ઘર વેચવાની વાત ચાલે છે તો બીજી તરફ બાના પેટનો દુખાવો બધાને દોડતા કરી મૂકે છે. આ બે પ્રસંગ વચ્ચે કુટુંબના દરેક સભ્યોનાં આંતરજગતની કડીઓ ઊઘડતી આવે છે. વાર્તાના આરંભે અને અંતે આવતી તખુની ભણિતિ  દ્વારા વાર્તાને ચોક્કસ દિશા પ્રાપ્ત થાય છે. જ્યારે મધ્યમાં આવતી ખુમાન અને બાધરની ભણિતિથી તે ફલિત થાય છે કે, બંનેને બાળપણની એ ખાટી - મધુર યાદો બરાબર યાદ છે. ભાતૃભાવ યાદ છે. પરંતુ, અત્યારે પોતાના ઘરસંસારમાં એટલા પરોવાઈ ગયા છે કે બા પાસે સમય વિતાવવા માટેનો પણ સમય નથી. બંને પોતાના નોકરી-ધંધામાં વ્યસ્ત છે. ખુમાન પોતાના ડોક્ટરી દિમાગથી જ વિચારે છે, એ માને પણ પેશન્ટ્સની નજરથી જુએ છે.

ત્રીજી ભણિતિમાં વાર્તાલેખક દુકાન, ત્રાજવાંના સંદર્ભથી ભાવકને એ સૂચવવા માંગે છે કે, બાધર કરિયાણાની દુકાનનો વેપારી છે. બાધર પોતે વેપારી છે એટલે તેના કથનમાં પણ એવાં જ વાક્યો આવે છે. જેમ કે,  જોખતાં જોખતાં ચપટી મોરસ ત્રાજવાની બહાર પડી જાય એમ મોટાભાઈના હોઠના ખૂણેથી હાસ્ય વેરાયું; કાણી ગુણમાંથી દદડી પડતા ચોખા જેવું હાસ્ય; હું તો જાણે જામનગર વાળાની મમરાની બાચકી. આમ, આ વાર્તામાં લેખકે ઉપમા-ઉત્પ્રેક્ષા અલંકારનો વિનિયોગ સારી માત્રામાં કર્યો છે એમ ઉપરના વાક્યો પરથી જોઈ શકાય છે.

અહીં બાના દર્દમાં સઘળું ભૂલીને બાને કેવી રીતે સ્વસ્થ કરવા એની તજવીજમાં પડેલાં ત્રણેય ભાઈઓના મનની તરાહોને કેટલાક સંકેતો દ્વારા ખોલી આપી છે, જે કૃતિને સાર્થક ઠેરવે છે. દવાખાનેથી બાને ઘરે લાવતી વખતે એક તખુ સિવાય બધા સભ્યો પોતાના કામમાં વ્યસ્ત થઈ જાય છે. તેથી જ મોટાભાઈ સૌને આડકતરી રીતે સંભળાવે છે કે, તખુ સિવાય બધાનાં ધંધા-ધાપા બંધ છે!

વાર્તાના અંતમાં આવતું બાનું સંવેદન કે, ''મારે લીધે બધાને ઉપાધિ થઈ!'' એવું હસતાં હસતાં બોલતાં બાની મનોવ્યાથા કંઈક જુદી છે. 'એક ભાણે જમે ને એક બાયણે રમે - એ જ ભાય' એમ કહેતી બાનું કુટુંબ હવે વિભક્ત થઈ રહ્યું છે. બાળપણમાં બાલાપીરના મેળામાં ખુમાનના હાથમાંથી ફુગ્ગો છૂટી ગયો હતો. હાથમાં રહેલા ફુગ્ગાની સાથેસાથે સંતાનની બા પ્રત્યેની મમતા પણ છૂટી ગઈ હતી કે શું? વાર્તાના અંતમાં તખુ બાને પૂછે છે કે, 'પેટે તો હારું છે ને બા?' ત્યારે બાનો જવાબ છે 'પેટે તો હારું છે પણ દૂંટી પાકે એનું હું ઓહડ, તખા?' બાના આ કરુણ અવાજમાં વાર્તાનું સંવેદન ધારદાર રીતે ઘૂંટાઈને આવે છે. બાને દવાખાનેથી પરત લઈને આવેલી ગાડી જાણે તરછોડાયેલી પડી રહી. અહીં શું માત્ર ગાડી જ પડી રહી કે પછી માડી પણ તરછોડાયેલી પડી રહી છે? એ આ વાર્તાનો તીવ્ર સૂર છે.

વાર્તાકાર અજીત ઠાકોર સંસ્કૃત સાહિત્યના અભ્યાસુ છે. તેમણે આ વાર્તામાં પ્રચુર માત્રામાં ઉપમા - ઉત્પ્રેક્ષા અલંકારનો વિનિયોગ સાધ્યો છે. તેમણે વાર્તામાં ભરૂચ - સુરત - માંડવીની બોલી પ્રયોજી છે. આમ, લેખકે આ વાર્તામાં વિવિધ વાર્તાઘટકો પ્રયોજીને વાર્તાને કલાત્મકતા બક્ષી છે.

**સંદર્ભ :** ઠાકોર અજિત, ''તખુની વાર્તા'', પ્રકાશક નવભારત પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૬

---

ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર આણંદ ૩૮૮૧૨૦.
મો. ૯૩૨૭૫૮૬૨૧૪

---

**શક્તિના અભાવમાં વિશ્વાસનો કોઈ ફાયદો નથી.**
**કોઈ પણ મહાન કાર્ય કરવા માટે વિશ્વાસ અને શક્તિ બંને જરૂરી છે.**


ISSN 0976-9609

|| આસ્વાદ ||

## ગૃહસ્થ જીવનની હળવાશ પ્રસરાવતી રા.વિ.પાઠક કૃત 'જક્ષણી' વાર્તા

**મયંકકુમાર જે. પટેલ**

ગુજરાતી ટૂંકીવાર્તા ક્ષેત્રે રામનારાયણ વિશ્વનાથ પાઠક નોંધપાત્ર પ્રદાન કરનારા સર્જક છે. લાગણી પ્રધાનતાને વાર્તાના કેન્દ્રમાં રાખનાર ધૂમકેતુ પછી લાગણી સાથે વૈચારિક સજ્જતા થકી ગુજરાતી ટૂંકીવાર્તાને નવી ઊંચાઈ પર લઈ જનાર સર્જક તરીકે રા. વિ. પાઠકના પ્રદાનને અચૂક યાદ કરવું પડે. દ્વિરેફની વાતોમાં વિષય-વૈવિધ્ય સાથે ભાષાકીય પ્રયોગો કરીને વાર્તાઓ આપનાર આ સર્જક પાસેથી હાસ્ય, કરુણ અને અદભુત રસની વાર્તાઓ સવિશેષ સાંપડી છે. 'સરકારી નોકરીની સફળતાનો ભેદ' અને 'જક્ષણી' હાસ્યરસની બે મહત્ત્વની વાર્તાઓ છે. બંને વાર્તાઓના કેન્દ્રમાં છે પતિપત્નીનો સંબંધ. જોકે બંને દંપતિઓના સંબંધો સાવ નિરાળા છે. પોતાને સતી માનતી પત્નીથી ત્રાસી જતો પતિ ઘરને બદલે કચેરીમાં જ વધુ રહેવાનું પસંદ કરે અને સતત ઉપરી અધિકારીના શિરપાવથી નોકરીના વર્ષો વધાર્યા કરે એટલી મૂળ વાત સાથે ગૃહસ્થ જીવનના પ્રસંગો જોડી દઈને રા. વિ. પાઠકે હાસ્ય નિષ્પન્ન કર્યું છે. 'જક્ષણી' વાર્તામાં ગૃહસ્થ જીવનની સાથે જ પત્નીની ગેરહાજરીથી ખંડેર જેવું થઈ જતું ઘર અને ઘર પરિવારમાં સર્જાતી અવ્યવસ્થા કેન્દ્રસ્થાને છે.

પોતાના સ્નેહી પરિવાર ઓઝા દંપતીને આવી પડેલી મુશ્કેલી અને સખીની ઝનાના હોસ્પિટલમાં થનારી સારવાર માટે આગ્રા જવું પડે એમ હોઈ વાર્તા નાયકને મૂકીને જતી નાયિકાની ગેરહાજરીમાં ગોઠવાયેલી વ્યવસ્થા વાર્તાનો મોટો ભાગ રોકે છે. લગ્ન થઈ જાય પછી અભ્યાસ કરવો એ અઘરું બની જાય એ રૂઢિગત વાતને-સામાજિક અભિપ્રાયને વાર્તાના પ્રારંભે જ ''તમારો અભ્યાસ વધારવા અને મારા અક્ષર સુધારવા'' એમ કહેતી નાયિકાના કથનથી સ્પષ્ટ કર્યું છે. ''પોતાને ગમતા ન હોવાથી આ નાટકો પ્રેમાનંદના નથી'' - એમ કહેતી નાયિકા સમય જોઈને પતિની પણ, પત્નીની હાજરીમાં અભ્યાસ મુશ્કેલરૂપ બન્યો છે - એવી વાતનો સબળ પ્રતિકાર કટાક્ષના માધ્યમથી પ્રસ્તુત કરે છે. અહીં તેની આવડત અને સૂઝ તો ખરી જ પણ સાથોસાથ હસતા હસતા સહજતાથી પોતાની વાત રજૂ કરી દેવાની લાક્ષણિકતા પણ નજરાય છે. જક્ષણી વાર્તા ત્રણ ભાગમાં રજૂ થઈ છે. જેમાં પહેલા અને ત્રીજા ભાગમાં નાયિકા કથક સ્થાને છે જ્યારે બીજા ભાગમાં પતિ કથક તરીકે કથા પ્રસ્તુત કરે છે.

સખી કમલાના આરોગ્યની જાળવણીના કારણોસર જતી પત્નીની સામે પોતાની મુશ્કેલીઓ રજૂ કરતો કથાનાયક સાથે જ કૂતરી મોતીની પણ ચિંતા રજૂ કરે છે ત્યારે નાયિકા કહે છે, 'હિન્દુસ્તાનમાં કામ કરનારને ખાવા નથી મળતું પણ કામ નહીં કરનારને મળી રહે છે. માણસને નથી મળતું પણ કૂતરાં, કીડીઓ, મંકોડા એમને મળી રહે છે. તો મને તમારી કોઈ ચિંતા થતી નથી.' (પૃ.૧૭) સાહજિક રીતે જ પતિ ગમે તેવી પરિસ્થિતિને પહોંચી વળશે તેવો નાયિકાને વિશ્વાસ છે. વળી પોતાની વાત મનાવવા માટે પ્રશ્નની એક સુંદર પ્રયુક્તિ રજૂ કરે છે. 'મારું મોઢું તને ગમે છે ?' એવા પતિના પ્રશ્નનો પણ પંદર દિવસ નહીં ગમે અને હું કહું છું આગ્રાની ટિકિટ લઈ આપો એમ કહી જવાબ વાળે છે.

વાર્તાના બીજા ભાગમાં લેખક વાર્તા નાયકના માધ્યમથી પોતે જ જાણે વાર્તામાં હાજરી નોંધાવે છે. સ્ત્રી અને પુરુષની જુદી જુદી અવસ્થા અને તેના માટે પ્રયોજાતા શબ્દો થકી સર્જક સ્ત્રી-પુરુષ ભિન્નતા તથા તે પરત્વેનો સામાજિક દષ્ટિકરણ રજૂ કરે છે. પરણેલી ના હોય તેવી સ્ત્રી માટે કુમારિકા, ધણી જીવતો હોય તેના માટે સૌભાગ્યવતી, ધણી પ્રવાસે ગયો હોય તો પ્રોષિતભર્તુકા, ધણી મરી ગયો હોય તો વિધવા એમ સ્ત્રીની સ્થિતિ દર્શાવતા અનેક શબ્દો રજૂ કર્યા છે. જ્યારે પુરુષ માટે પરણેલો ન હોય તો વાંઢો અને

પરણ્યા પછી પરણેલો એમ બે જ શબ્દોમાં બધું સમાઈ જતું દર્શાવ્યું છે. વિધુર એટલે બીજી વાર પરણવાનો ઉમેદવાર એમ કહેતા સર્જક પુરુષપ્રધાન સમાજની માનસિકતાને આપણી સમક્ષ મૂકી આપે છે. પત્નીના મૃત્યુ પછી પુરુષ પરણી જ શકે – એમાં કશું અજુગતું નથી એ સમાજે કેટલી સરળતાથી સ્વીકારી લીધું છે. પણ વિધવા એટલે ફરી પરણવાની ઉમેદવાર એવું બોલવા-સાંભળવામાં કેવું અજુગતું લાગે છે ! સમાજ આ વાતને સાહજિક લઈ શકતો નથી. એટલે જ કદાચ લેખકે વિધવા માટે એમ કહ્યું નથી. અથવા એવો વિચારી પણ ના આવી શક્યો હોય તેવું પણ બને. પુરુષપણાની કેટલી મર્યાદાઓને હસતા હસતા જ સર્જકે આપણી સામે મૂકી દીધી છે. 'ફાંફા મારનાર', 'સ્ત્રી પ્રવાસે ગઈ હોય તો તો શું કંઈ એક દિવસનું છે' 'કોને ઘેર જવાય ?' વળી થોડા દિવસ ગમે ત્યાં કાઢી નાખશે પણ છેવટે પત્ની સાથેનો સંબંધ એટલો મજબૂત છે કે એ વગર એને અડવું લાગે એ પણ સર્જકે મૂક્યું છે.

પત્નીની ગેરહાજરીમાં વીશીમાં જમવા જતો વાર્તા નાયક ત્યાંના મહારાજના ભરપૂર લાભ મેળવે છે. ખુશામત ખુદા કો ભી પ્યારી હૈ ! ના સૂત્રને ચરિતાર્થ કરતા મહારાજ થોડાક જ વખાણ સાંભળે છે ત્યાં જ ઘીની વાટકી લઈને આવે અને બબ્બે ચમચા ઠાલવી દે છે. વળી શાક પણ મન મૂકીને પીરસે. મહારાજની શારીરિક સ્થિતિનું વર્ણન પણ હાસ્ય જન્માવે છે. 'જે દી નવરો દીનોનાથ તે દી મહારાજ ને ઘડયો હશે. તેનો વર્ણ ધોળો હતો, બટાટાને બાફીને છાલ કાઢી નાખીએ – બટાટા ગાંસડીમાં બાંધે તેમ, કાળી ઝીણી પોતડીથી બંધ બાંધી એવો ધોળો અને તેની ઉપર કાળા, રાતા, પીળા તલની ઝીણી છાંટ હતી. તેનાં લથડબથડ અંગો જાણે ઘસી ન પડે એટલા માટે, કાછિયો સૂરણ બાંધેલાં હતાં. પેટ મોટું હતું પણ આ બંધથી તેના બે ભાગ પડી જતા હતા, અને ઉપલા ભાગ ઉપર કાળું જનોઈ પરસેવાથી ચોંટી ગયું હતું. ઊભો રહે ત્યારે વચ્ચેથી પગ જરા વધારે પહોળા, ગોળાકાર રહેતા અને પગલું લાંક વિનાનું ઊંટના જેવું પડતું. મોંમાં જાણે નીચલા જડબામાં એક નહિ પણ દાંતની બે હારો જેવું, અથવા આખા જડબામાં જાણે દાઢો જ હોય તેવું જણાતું હતું અને બ્રહ્મા ઘડીને એટલા ખુશ થઈ ગયેલા હશે કે માટી કાચી હશે એટલામાં જ તેને કપાળે અને બરડે થાબડ્યો હશે-કપાળ તરફ માથું ઢળતું અને વાંસો એવો બહાર નીકળેલો હતો.' (પૃ.૨૧)

મહારાજ સામે જક્ષણીની વાત કરતા કથાનાયક રેવાશંકરનું સમર્થન પણ મેળવે છે. વળી પોતાની નાની દેખાતી પત્ની જલ્દી મોટી થઈ જાય તે માટે મહારાજ દરરોજ જક્ષણી માટે ભોજન પ્રસાદ મોકલવા પણ તૈયાર થઈ જાય છે. વાર્તાના અંતિમ ભાગમાં જક્ષણીના દર્શનની અભિલાષા છે તેવા મહારાજ એક દિવસ કાયમ બંધ રહેતા વાર્તાનાયકના ઘરનો આંકડો બહારથી ખુલ્લો જુએ છે અને દર્શન માટે બારણું ખખડાવે છે. વાર્તાનાયકની પત્ની ઘણા દિવસે પરત ફરી છે અને અસ્તવ્યસ્ત થઈ ગયેલા ઘરમાં સાફસફાઈ કરી, પોતાના ધૂળથી ખરાબ થયેલા વાળ ખુલ્લા કરી સ્નાન કરવા માટે જવાની તૈયારીમાં છે અને ડોરબેલ વાગતાં જ પોતાના પતિ આવ્યા હશે એમ માની દરવાજો ખોલે છે ત્યાં જ વીશીના મહારાજ જક્ષણી માતા ખમ્મા કરો, સેવક ઉપર મહેર કરો એમ કહી એમના પગે પડી જાય છે. નાયિકા ખૂબ ગુસ્સે ભરાય છે. તને કોઈએ ભરમાવ્યો છે હું જક્ષણી નથી એમ કહેતી નાયિકા મહારાજના અતિશય આગ્રહ સામે ગુસ્સે ભરાય છે અને હાથમાં ધોકેણું લઈ તેમને મારવા જાય છે ત્યાં જ કથાનાયક 'ચંડી કોપ ના કરો, ચંડી પ્રસન્ન થાઓ !' એમ કહેતા પ્રવેશે છે. સ્થૂળ ઘટનાઓ ઘણી ઓછી પણ સંવાદ અને હાસ્ય સાથે આગળ વધતી આ કથા ભાવકને અચૂક આનંદ આપી જાય છે.

દ્વિરેફની ઉત્તમ વાર્તાઓ, સંપાદક – રમણ સોની (ગૂર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ)

---

આસિસ્ટન્ટ પ્રોફેસર,
શાહ કે.એસ.આટ્‌ર્સ એન્ડ વી.એમ.પારેખ કૉમર્સ કૉલેજ,
કપડવંજ (મો) ૯૪૨૭૮૫૪૮૮૯


ISSN 0976-9609

## ।। એક-તીર્થંકર : પરિચય ।।

## જૈન સાધ્વી : મલ્લીનાથ

**ચંદ્રકાન્ત પટેલ 'સરલ'**

ભારતવર્ષનો અતિ પ્રાચીન આદિ ધર્મમાર્ગ 'જિન-સમુદાય' છે. અને તેના સ્થાપક આદિનાથ વૃષભદેવ છે. જિન એટલે જીતવું. અંતરની વાસના, કામ, ક્રોધ, મોહમાયા, લોભ, લાલચ, આસુરીવૃત્તિ, નિમ્નપ્રકૃતિ અને વિકૃતભાવો ઉપર જે વિજય મેળવે છે એને જિન કહેવાય છે. અને જે જ્ઞાનક્રિયાની બે માત્રા ધારણ કરવાને માટે શક્તિશાળી હોય છે તે જ ખરો 'જિન' ગણાય. લાંબા કાળના ઘસારા બાદ જિન શબ્દનું 'જૈન' શબ્દમાં અપભ્રંશ થઈ ગયું છે.

આદિકાળ એટલે આજથી લાખો વર્ષ પૂર્વે એકમાત્ર જિન ધર્મ જ હતો અને તે સર્વનો સંપ્રદાય હતો. બીજા કોઈ ધર્મસંપ્રદાયો ન હતા. કાળની ગતિ સાથે દુનિયામાં આજે હજારો સંપ્રદાયો ઊભા થઈ ગયા છે. ત્યારે પણ જિન ધર્મને વણિકજાતિએ જાળવી રાખ્યો છે.

જૈન ધર્મમાં ૨૪ (ચોવીસ) તીર્થંકરો થઈ ગયા છે. તેમાં ૧૯ મા તીર્થંકર પલ્લીનાથ નામે એક સાધ્વી થઈ છે. 'મનુસ્મૃતિ'માં ઉલ્લેખાયા પ્રમાણે યુગના પ્રારંભમાં મરુદેવીએ પોતાની નાભિથી પ્રથમ જિનને જન્મ આપ્યો. જે વીર કાર્યો કરતો હતો; અને અહિંસક હતો. જેને દેવો અને દાનવો નમસ્કાર કરતા હતા. તેનું નામ આદિનાથ. તેણે સતયુગના પ્રારંભમાં જિનધર્મની સ્થાપના કરી છે. આજે એ આદિ સંપ્રદાય 'જૈન' કહેવાય છે.

જૈન ધર્મમાં મુખ્યતઃ બે તત્ત્વો છે. (૧) જડ અને (૨) ચેતન. એ બેયના સંબંધને લઈને બીજાં કુલ નવ તત્ત્વ બન્યાં છે. તેમાં જીવનામુક્ત અને બદ્ધ એમ બે મુખ્ય ભેદ છે. બદ્ધ એટલે સંસારી.

જૈન ધર્મમાં શીખવા જેવી કોઈ બાબતો હોય તો તે અહિંસા, કરુણા અને માતૃપ્રેમ છે. વૃદ્ધાશ્રમો કે ઘરડાંઘરોમાં તમામ જ્ઞાતિઓના માબાપ દેખાશે, પણ તેમાં વાણિયાજાતિના માબાપ નહિ દેખાય. આ તેનું મોટું જમા પાસું છે.

આબુ, ગિરનાર, પાલિતાણા, પાવાગઢ અને એવાં બીજાં જૈનતીર્થોમાં તમે જઈને જોશો તો ખોળામાં પોતાનાં બાળકો સાથે બેઠેલી માતાઓને દર્શાવતી આરસની, કે પથ્થરની તખતીઓ કે તસ્વીરો જોવા મળશે. તે માતા અને બાળકોનાં વાત્સલ્યનું પ્રતીક છે.

જૈન લોકો માને છે કે  ઈશ્વરને ભજવાથી મા નથી મળતી, પરંતુ માતાને ભજવાથી ઈશ્વરની કૃપા અવશ્ય પ્રાપ્ત થાય છે પોતાનાં સંતાનોનાં સુખ માટે મા-જનની પોતાની જિંદગી નીચોવી નાખતી હોય છે. માતાની મમતાને આજ દિવસ સુધી કોઈ વૈજ્ઞાનિક માપી શક્યો નથી. કારણ કે મા એ માપવાનો નહિ, પરંતુ અનુભૂતિનો વિષય છે, પામવાનો વિષય છે.

જૈન લોકોનો આ વિચાર અતિ ઉત્તમ છે. દરેક જ્ઞાતિએ આ વિચારને અપનાવવાની જરૂર છે. જો તેમ થશે તો વિશ્વમાં કોઈ ઠેકાણે વૃદ્ધાશ્રમો કે ઘરડાંઘરો ખોલવાં નહિ પડે. કે માવતરને સાચવવા નોકર-ચાકર રાખવાની જરૂર ઊભી નહિ થાય.

જૈન ધર્મમાં જૈન સાધુઓની જેમ જૈનસાધ્વી-ઓ પણ થઈ છે તેમાં મુખ્ય મુખ્ય સાધ્વીઓમાં મલ્લીનાથ, ચંદના, જયંતી, યક્ષા, મૃગાવતી, ગુણા, યાકિની, મહત્તરા, વીરમતી, મહાનંદા અને ગુણસમૃદ્ધિ મહત્તરા વગેરે છે. આ સાધ્વીઓના સંઘને જૈન સાધ્વીસંઘ કહેવાય છે. તેઓ પવિત્ર, સ્વાર્થ ત્યાગી, કઠોર તપસ્વિની અને જીવમાત્ર પ્રત્યે અહિંસાના આદર્શને આચરણમાં મૂકનારી અને નીતિ-આદર્શોને વરેલી હતી. વર્તમાન સમયમાં થતી સાધ્વીઓ પણ એ આદર્શને અપનાવી રહી છે.

જૈન ધર્મમાં ૨૩ તીર્થંકર પુરુષો થયા છે. માત્ર એક જ સ્ત્રી તીર્થંકરની પદવીએ પહોંચી હતી. તેનું નામ મલ્લીનાથ. મલ્લી એટલે જૂઈનું સુગંધિત પુષ્પ. એવો અર્થ થાય છે. ઘણા જૈનેતર તેને પુરુષ સમજે છે. પરંતુ તે પુરુષ નહિ, સ્ત્રી છે.

સર જહોન સ્ટીવર્ટ-વૉલેસના એક અંગ્રેજી પુસ્તકમાં મલ્લી ૧૯મી તીર્થંકર થઈ ગઈ છે. એવો ઉલ્લેખ છે. તથા સ્વામી ધનાનંદ સ્વામીજીએ મલ્લીનાથ સાધ્વી વિષયક આલેખન કર્યું છે.

રાજકુમારી મલ્લી મિથિલાનગરના હિંદુ રાજા કુંભરાજાની પુત્રી હતી અને પૈતૃકકુળ શ્વેતાંબર હતું. જૈનોમાં શ્વેતાંબર અને દિગંબર એવા બે વિભાગ છે. રાજકુમારી મલ્લીએ દીક્ષા ગ્રહણ કર્યા બાદ તેમના નામની પાછળ 'નાથ' શબ્દ લગાડી મલ્લીનાથ એવા નામથી ઓળખવાનું શરૂ કર્યું.

મલ્લીને પિતા તરફથી સારી કેળવણી અને સારું શિક્ષણ મળ્યું હોવાથી તેની સુંદરતામાં વિદ્વતાના ગુણ મળ્યા હતા. તે પંદર વર્ષની વયે પહોંચી તેની સાથે તેનું રૂપસૌંદર્ય, ગુણસૌંદર્ય અને ધર્મસૌંદર્ય સોળે કળાએ ખીલી ઊઠ્યા હતા.

મિથિલાનગરના મિત્રો એવા અન્ય રાજ્યોના ઘણા રાજાઓ મલ્લીના હાથનું માગું કરી તેને પોતાની પટરાણી બનાવવા કુંભરાજા પાસે યાચના કરતા હતા, અનેક જાતનાં પ્રલોભનો આપતા હતા. પરંતુ કુંભરાજાએ એ બધા રાજાઓના માગાં નકાર્યા હતાં.

રાજા, વાજાં અને વાંદરાં. આ ત્રણેનો ભરોસો ન કરાય. રાજા ક્યારે બદલી બેસે, વાજું ક્યારે સૂર પલટી બેસૂરું થઈ જાય અને વાંદરાં ક્યારે નુકસાન કરી બેસે તે ક્હેવાય નહિ.

પોતાની માગણી પ્રમાણે મલ્લીનું વાગ્દાન કરવા કુંભરાજા તૈયાર ન થયો. તેથી બધા રાજાઓ ખૂબ ગુસ્સે થયા અને એકસંપ કરી કુંભરાજાના રાજ્ય મિથિલા પર જોરદાર આક્રમણ કર્યું.

આ અણધાર્યા આક્રમણથી કુંભરાજાને કોઈ જાતની સૈન્ય તૈયારી કરવાનો સમય મળ્યો નહિ. છતાં લડત ચાલુ રાખી. પણ વિરોધીઓની તૈયારી સામે તે હારની-પરાજયની કંગાલમાં આવી પડ્યો. વિરોધી રાજાઓનું સૈન્ય પણ ખૂબ વિશાળ અને કાબેલ હતું. ઘણા વખતથી આ લડાઈ ચાલુ હતી.

મલ્લીએ જોયું કે શત્રુ રાજાઓની સામે પિતાજી જીતી નહિ શકે. હારીને કેદ થશે અને આ નરાધમો મારું અપહરણ કરશે. એવો વિચાર કરી મલ્લીએ શત્રુરાજાઓને પોતાના મહેલમાં બોલાવવાની પિતાને વિનંતી કરી જેથી એ બધા રાજાઓને મળી શકે.

કુંભરાજાએ સંધિનું કહેણ મોકલી એ બધા રાજાઓને બોલાવ્યા અને તમામને એક સાથે જ રાજકુમારી મલ્લીના આવાસમાં મોકલ્યા. બધા રાજાઓ જ્યારે મલ્લીના આવાસના દરવાજે પહોંચ્યા ત્યારે ત્યાં સૌના સ્વાગતમાં ઊભેલી મલ્લીના દેહલાવણ્યથી અંજાઈ ગયા ને જડ જેવા બનીને ઊભા રહી ગયા.

બરાબર આ સમયે એક ચમત્કાર થયો અને એક આકૃતિ બીજા દ્વારેથી પ્રવેશી. એ પણ મલ્લી જ હતી. બધા રાજાઓ સ્તબ્ધ બનીને બંને મલ્લીઓને જોતા રહ્યા અને વિસ્મયમાં વીંટાતા રહ્યા.

રાજાઓના વિસ્મય ભાવો પરથી પરદો હટાવવો જરૂરી છે. એવું વિચારીને મલ્લી બોલી :

''હે રાજકુમારો ! તમારા સ્વાગત માટે હાથમાં ફૂલહાર લઈને જે મલ્લીને તમે જુઓ છો તે રાજકુમારી મલ્લી અસલ નથી. એ મારી સુવર્ણ પ્રતિમા છે. એ પ્રતિમા આપનું સ્વાગત કરતી દેખાય તેવા આકારે બનાવાયેલી છે'' આટલું બોલીને મલ્લી પ્રતિમા પાસે જઈને ઊભી રહી. પછી પ્રતિમાના મસ્તક ઉપરથી ઢાંકણું ઉપાડ્યું. ઢાંકણ દૂર થતાંની સાથે જ પ્રતિમામાંથી એકદમ અસહ્ય દુર્ગંધ વછૂટી. બધા રાજાઓએ પોતાનાં નાક ઉપર રૂમાલ ઢાંકી દીધા અને એકદમ પ્રતિમા પાસેથી હટીને દૂર જઈને ઊભા રહ્યા.


ISSN 0976-9609

મલ્લીએ એ બધા વરરાજાની એષણા લઈને આવેલા વિષયભોગીઓને કહ્યું: ''હે રાજકુમારો ! તમે અકારણ મારા બાહ્યસ્વરૂપથી ઘેલા બન્યા છો. આ શરીરની અંદર ગંદકી સિવાય કંઈ જ નથી. એ મળ-મૂત્રનો દરિયો છે. કેવળ ચામડી ઢાંકેલી હોવાથી એ ચામડીનું સૌંદર્ય છે. જેમ આ પ્રતિમામાં ગંદકી છે, તેમ મારા શરીરના અંદરના ભાગમાં પણ ગંદકી જ છે. માત્ર બહારથી જ હું સુંદર છું. હે રાજપુત્રો ! હું પોતે દુન્યવી ભોગોનો ત્યાગ કરવાની હતી અને તાપસી થવાની હતી. માટે જ આપની માગણીઓ મારા પિતાએ ઠેલી હતી. તમારા બધામાં રૂપ અને ગુણ છે અને રાજ્ય છે અને ગૌરવવંતુ સ્થાન અને મોભો પણ છે. કોઈ પણ બાપ પોતાની પુત્રીને આપના જેવા રાજકુમારો વરવા ઇચ્છે તો એ સદ્ભાગ્ય સ્ત્રી જ ગણાય. આપ સૌના પ્રત્યે મારા પિતાજીને માન છે. માત્ર મારી ત્યાગી થવાની ભાવનાએ જ પિતાજીને આપના માગાં નકારવા માટે મજબૂર કર્યા હતા.''

મલ્લીની વાત સાંભળીને રાજકુમારોના માથાં શરમથી ઝૂકી ગયાં ને એમને પારાવાર પસ્તાવો થવા લાગ્યો અને સત્ય વસ્તનું જ્ઞાન થવાથી તેઓએ સંન્યાસી જેવું જીવન જીવવાનું શરૂ કર્યું. (અસ્તુ)...

"સંસ્કૃતિદર્શન" કાર્યાલય 'અનુરાગ'
રતનપરા શેરી-૧, બાગ દરવાજા,
મુ. માણાવદર-૩૬૨ ૬૩૦ (જિ.જૂનાગઢ)
(મો) ૮૭૩૫૯૦૨૪૨૪, ૯૯૨૫૧૭૪૧૭૬

## ।। વિદ્યાવૃત્ત ।।

## ચરોતર સાહિત્ય ઉત્સવ-૨૦૨૬ની ભવ્ય ઉજવણી

વલ્લભ વિદ્યાનગર ખાતે ૧૪ અને ૧૫ માર્ચ, ૨૦૨૬ દરમિયાન સરદાર પટેલ યુનિવર્સિટી, ગુજરાત સાહિત્ય અકાદમી અને રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સંયુક્ત ઉપક્રમે 'ચરોતર સાહિત્ય ઉત્સવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. 'સર્જક, સમાજ અને સંવેદનાનો જીવંત સંવાદ'ના સૂત્ર સાથે યોજાયેલા આ બે દિવસીય મહોત્સવમાં ઈપ્કોવાલા ઓડિટોરિયમ ખાતે સાહિત્ય અને કલાના વિવિધ પાસાંઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ઉત્સવના પ્રથમ દિવસે ડૉ. જયેન્દ્રસિંહ જાદવ, પ્રો. નિરંજન પટેલ અને ડૉ. ભાગ્યેશ જહાની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો, ત્યારબાદ ચરોતરના સર્જકપ્રવાહ, યુવા કવિ સંમેલન અને ગીત-સંગીતના સત્રો દ્વારા સાહિત્યિક માહોલ સર્જાયો હતો. રાત્રિના સમયે 'સરસ્વતીચંદ્ર' અને 'ભદ્રંભદ્ર'ના પાત્રો વચ્ચેના કાલ્પનિક સંવાદે પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

બીજા દિવસની શરૂઆત વહેલી સવારે સરદાર પટેલ સ્ટેચ્યુથી યોજાયેલી પ્રભાતફેરી સાથે થઈ હતી. આ દિવસે નડિયાદની સાક્ષર ત્રિપુટી, ચરોતરનું અધ્યાત્મ કેન્દ્ર અને સમાજ-સાહિત્યના શિલ્પીઓ જેવા વિષયો પર વિદ્વાન વક્તાઓ દ્વારા વ્યાખ્યાનો આપવામાં આવ્યા હતા. સાંજના સત્રમાં પ્રો. આલોક ચક્રવાલના અધ્યક્ષ સ્થાને યોજાયેલી કાવ્ય-ગોષ્ઠિમાં કવિ શ્રી ભગીરથ બ્રહ્મભટ્ટ, શ્રી જયેન્દ્ર શેખડીવાળા, શ્રી અશોકપુરી ગોસ્વામી અને શ્રી ગુણવંત વ્યાસ જેવા દિગ્ગજ કવિઓએ પોતાની રચનાઓ રજૂ કરી હતી. ઉત્સવના અંતિમ ચરણમાં ધ્રુવ ભટ્ટ લિખિત સુપ્રસિદ્ધ નવલકથા 'અકુપાર'ના નાટ્ય-મંચન સાથે આ સાહિત્યિક મહોત્સવનું ગરિમાપૂર્ણ સમાપન થયું હતું. આ આયોજને ચરોતરના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને નવી પેઢી સમક્ષ ઉજાગર કરવાનું મહત્ત્વનું કાર્ય કર્યું છે.

## ।। ચિંતન-કણિકા ।।

## Shakespeare Quote :

આર. કે. માંડલિયા

**"Cowards die many times before their death. Valiant never taste of death but once."**

(William Shakespeare's Julius Caesar Act:II Scene:II)

વિલિયમ શેક્સપિયરનું રાજકીય ઘટનાઓ આધારિત નાટક જુલિયસ સિઝરનાં બીજા અંકના બીજા દશ્યમાં નાટકના પ્રધાન પાત્ર જુલિયસ સિઝર દ્વારા ઉપરોક્ત પંક્તિઓ પોતાની પત્ની કલપુનિર્યાને સંબોધીને બોલાયેલી છે. જુલિયસ સિઝર રોમન સામ્રાજ્યના પ્રથમ ત્રણ આધારસ્થંભોમાંનો એક આધાર સ્થંભ છે. જુલિયસ સિઝર એક નિડર અને યુદ્ધકલામાં કુશળ યોદ્ધો હોવાથી સાથે સાથે રાજકારણનો એક મુત્સદ્દી પણ છે.

નાટકની શરૂઆતમાં જ પ્રથમ અંકના બીજા દ્રશ્યમાં ભવિષ્યવેત્તાઓ જુલિયસ સિઝરને ચેતવી દે છે કે તેણે ૧૫મી માર્ચથી ખાસ સાવધાન રહેવું. કારણ કે તે દિવસે તેની હત્યા થવાની પૂરી સંભાવના છે. પરંતુ સિઝર ભવિષ્યવેત્તાની ભવિષ્યવાણીને કોઈ ખાસ મહત્ત્વ આપ્યા વગર પોતાનું જીવન વ્યતિત કરે છે. પરંતુ જેમ જેમ ભવિષ્યવેત્તાએ દર્શાવેલો સમય નજીક આવતો જાય છે. તેમ તેમ વિચિત્ર, અકુદરતી અને અપશુકન સૂચિત કરતી ઘટનાઓ શરૂ થાય છે. જેમ કે, ભયાનક સ્વપ્નો આવવાં, વિચિત્ર અવાજો સંભળાવા, ઘુવડની ચિચિયારી થવી અને આવા સર્વે અપશુકનોની પ્રતીતિ સિઝરની પત્ની કલપૂર્નિયાને થવા લાગે છે.

કલપૂર્નિયા આવા તમામ અપશુકનોને નજર અંદાજ કર્યા વગર પોતાના પતિ જુલિયસ સિઝરને ચેતવે છે કે તેણે પણ આવા તમામ અપશુકનોને ગંભીરતાથી લઈને ઘરની બહાર જવાનું ટાળવું જોઈએ. કલપૂર્નિયાની આવી વિનંતીના પ્રત્યુત્તરરૂપે કથાના નાયક જુલિયસ સિઝર પ્રસ્તુત પંકિતઓ પોતાની પત્નીને સંબોધીને કહે છે. સિઝરની માન્યતા મુજબ એવા તમામ માનવીઓ કે જે ભીરુ અને ડરપોક છે તેઓ અગણિત વખત મૃત્યુ પામતા હોય છે કોઈપણ પ્રકારના પડકારથી ડરવું તે એક પ્રકારનું મૃત્યુ જ છે. આવા ડરનો ભોગ બનીને તે ઘરે બેસી રહેવા નથી ઇચ્છતો. પોતાના ભાગ્યમાં જે બનાવો થનાર છે તેનાથી ડરીને ઘરમાં બેસી રહેવું તેને જરા પણ મંજૂર નથી. સિઝર ભીરુતા અને ડરને એક પ્રકારનું મૃત્યુ જ ગણે છે. આવા ભીરુ માનવીઓ વારંવાર મૃત્યુ પામતા હોય છે. જ્યારે હિમ્મતવાન અને નિડર માનવી માત્ર એક જ વખત મૃત્યુ પામે છે. સિઝર નિડરતા સાથે જીવન જીવીને એક જ વાર વાસ્તવિક મૃત્યુને આવકારવું વધુ ઉચિત સમજે છે. તેથી જ ભવિષ્ય-વેત્તાની ભવિષ્યવાણી કે પોતાની પત્ની કલપૂર્નિયાની વિનંતી તેને જરા પણ ચલિત કરી શકતી નથી.

પ્રસ્તુત પંક્તિઓમાં જુલિયસ સિઝર પોતાન સ્થાન અને મોભાને શોભે તેની નિડરતા, હિંમત અને શૌર્યનો અધિપતિ હોવાનો અહેસાસ કરાવે છે. નાટકના વાચક અને દર્શકનાં માનસ પટલ ઉપર તેની એક વીર યોદ્ધા તરીકેની છાપ ઊપસી આવે છે.

(મો) ૮૩૨૦૧૯૫૨૮૨

**કઠિન સમયમાં કાયર માણસો બહાના શોધે છે.**
**જ્યારે બહાદુર વ્યક્તિ રસ્તો શોધે છે.**

 ISSN 0976-9609

## ।। કલાદર્શન ।।

## ભારતીય કલા દષ્ટિનું પુનરાવલોકન-'કલા બત્રીસી'

**ભાનુ એમ. પરમાર**

ભારતીય કલા પરંપરા એ કેવળ પશ્ચિમી ઇતિહાસ કે આધુનિકતાના ચશ્માથી સમજવાનો વિષય નથી, પરંતુ તે શ્રદ્ધા, ભક્તિ અને આંતરિક અનુભૂતિનો વિષય છે. લેખક કનુ પટેલનું પુસ્તક 'કલા બત્રીસી' આ જ ભારતીય કલાના આત્માને ફરીથી સ્થાપિત કરવાનો એક સક્ષ્ક્ષ પ્રયાસ છે. આ પુસ્તક કલાને કેવળ માહિતી તરીકે નહીં, પણ એક 'સાધના' તરીકે રજૂ કરે છે.

'કલા બત્રીસી'ના લેખક શ્રી કનુ પટેલ (જન્મ ૧૯૬૬, વિસનગર) એક સંવેદનશીલ સમકાલીન કલાકાર છે. ચિત્રકળા, ભવાઈ અને સંગીત સાથે તેમનો નાતો બાળપણથી જ રહ્યો છે. તેઓ એક સાથે ચિત્રકાર, અભિનેતા, આર્ટ ડાયરેક્ટર અને દિગ્દર્શક તરીકે સક્રિય છે. તેમના માટે કલા એ પૂજા છે અને જીવનની તમામ અભિવ્યક્તિનું માધ્યમ છે. તેઓ લજજા કોમ્યુનિકેશન આર્ટ સ્ટુડિયો ચલાવે છે અને સી.વી.એમ. કોલેજ ઓફ ફાઈન આર્ટ્સમાં માનદ્ નિયામક તરીકે સેવા આપે છે.

શ્રી કનુ પટેલ લિખિત પુસ્તક 'કલા બત્રીસી' મૂળે તો 'સિંહાસન બત્રીસી'ની લોકકથા પરથી પ્રેરિત હોય તેવું જણાય છે. અહીં ૩૨ પૂતળીઓના માધ્યમથી કલાના જુદા જુદા પાસાંઓની ચર્ચા કરવામાં આવી છે. આ પુસ્તકમાં નાટકીય શૈલીમાં સંવાદો દ્વારા કલાકારના આંતરિક સ્વને જાગૃત કરવાનો પ્રયત્ન થયો છે. પુસ્તકનો મુખ્ય હેતુ કલારસિકો અને કલાકારોને આત્મનિર્ભર, આત્મ-જાગૃત અને આધ્યાત્મિક દષ્ટિ પ્રાપ્ત કરાવવી તે છે. ૩૨ અધ્યાયોમાં વહેંચાયેલું આ પુસ્તક કલાકારને 'કર્તા' થી 'સાક્ષી' બનવાની યાત્રા તરફ દોરી જાય છે.

પુસ્તકમાં ભારતીય કલાના વ્યાપક ફલકને આવરી લેતા ૩૨ અધ્યાયો છે, જેમાંથી મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ તારવી શકાય.:

★ આર્ય વિશેની દંતકથા અને સત્ય સત્યપ્રીતિ ઐતિહાસિક અને સાંસ્કૃતિક સત્ય
★ આર્ક સ્થાપત્ય અને શિલ્પ ભૂમિરુપા સ્થાપત્ય કલા
★ ભારતીય કલા રૂપ કે રસ? રસપ્રભા રસાનુભૂતિ
★ સંગીતનો ધ્વનિ અને મૌન નાદિની સંગીત અને શૂન્યતા
★ ચિત્રકળાની દષ્ટિ અને પ્રતીકો ચિત્રાંગી વિઝ્યુઅલ આર્ટ
★ નૃત્યનો આત્મા અને સૌંદર્યશાસ્ત્ર નટનારી નૃત્ય કલા
★ કલાકાર અને સાક્ષીનું મિલન પૂર્ણિમા

પુસ્તકની વૈચારિક ફિલસૂફી જોઈએ તો પુસ્તકની પ્રસ્તાવના મુજબ, ''કલા એ છે, જે કેવળ જોવાતી નથી પરંતુ ભીતરને પણ જાગૃત કરતી જાય છે.'' લેખક માને છે કે ભારતીય કલામાં અર્થથી અધિક અર્થંતર, રૂપથી અધિક રસ અને ટેકનિકથી અધિક તત્ત્વ મહત્ત્વનું છે.

પુસ્તકની શરૂઆત એક કાલ્પનિક વાર્તાથી થાય છે, જેમાં એક કલાકાર અને એક ખેડૂત વચ્ચેના રહસ્યમય અનુભવો દ્વારા કલાના ગૂઢ સત્યોને ખોલવામાં આવ્યા છે. 'સત્યપ્રીતિ' નામની પ્રથમ પૂતળી કલાકારને ભારતીય કલાના સાચા જ્ઞાન વિશે પ્રશ્ન પૂછે છે.

'કલા બત્રીસી' એ માત્ર કલાના ઇતિહાસનું પુસ્તક નથી, પરંતુ ભારતીય કલાના પુનરાવલોકનની એક જ્યોત છે. કનુ પટેલના શબ્દોમાં, આ પુસ્તક કલાકારો, શિક્ષકો અને સંશોધકો માટે એક પ્રેરણાદાયક પ્રકાશ સાબિત થાય તેમ છે. તે પશ્ચિમી આંધળી નકલ છોડીને પોતાની મૂળ ભારતીય ધરોહરને આધ્યાત્મિક રીતે સમજવાનો માર્ગ ચીંધે છે.

**સંદર્ભ :** કલા બત્રીસી એક સાંસ્કૃતિક પુનઃઅવલોકન-કનુ પટેલ, પ્રથમ આવૃત્તિ-૨૦૨૫, કિંમતઃ ૨૭૫/-

**પ્રકાશક :** લજ્જા પબ્લિકેશન, બીજો માળ, સુપર માર્કેટ, રાજેન્દ્ર માર્ગ, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર

પ્રિન્સિપાલ,
નલિની-અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આર્ટ્સ કૉલેજ,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

## ॥ આયુર્વેદ ॥

# પ્રકૃતિ : માનવ શરીરનો પાયો

[1]પ્રો. સરિતા ભુતડા
[2]આશિષ એમ. ભાડાણિયા

### આજના આધુનિક યુગમાં 'પ્રકૃતિ' :

આયુર્વેદ ભારતીય જીવનદર્શનની એક પ્રાચીન અને વૈજ્ઞાનિક આરોગ્ય પદ્ધતિ છે, જેમાં માનવ શરીર, મન અને આત્મા-ત્રણે વચ્ચે સંતુલન પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આયુર્વેદના મૂળભૂત સિદ્ધાંતોમાં ''પ્રકૃતિ''નું સ્થાન અત્યંત મહત્ત્વપૂર્ણ છે. પ્રકૃતિ એટલે વ્યક્તિની જન્મજાત દૈહિક અને માનસિક રચના, જે માતા-પિતાના બીજ, ગર્ભકાળ દરમિયાનના આહાર-વિહાર, પંચમહાભૂત અને ત્રિદોષના પ્રમાણ પરથી નક્કી થાય છે.

### પ્રકૃતિ શું છે ? :

આયુર્વેદ મુજબ, ત્રિદોષ-વાત, પિત્ત અને કફ-શરીરના તમામ શારીરિક અને માનસિક કાર્યોનું સંચાલન કરે છે. જન્મ સમયે આ ત્રિદોષનું જે પ્રમાણ સ્થિર થાય છે, તે વ્યક્તિની પ્રકૃતિ બને છે. સામાન્ય રીતે સાત પ્રકારની પ્રકૃતિ વર્ણવાય છે-વાતજ, પિત્તજ, કફજ, વાત-પિત્ત, પિત્ત-કફ, વાત-કફ અને સમદોષજ પ્રકૃતિ. દરેક પ્રકૃતિની પોતાની વિશેષતાઓ, શક્તિઓ અને કમજોરીઓ હોય છે. પ્રકૃતિ માત્ર શરીરના બંધારણને નહીં, પરંતુ વ્યક્તિના સ્વભાવ, વિચારધારા, કાર્યક્ષમતા, સ્મૃતિ, સહનશક્તિ અને રોગ પ્રતિકારક શક્તિને પણ પ્રભાવિત કરે છે. આથી આયુર્વેદમાં ''એક સારવાર બધાં માટે'' જેવી સંકલ્પના નથી; દરેક વ્યક્તિ માટે વ્યક્તિગત ઉપચાર અને જીવનશૈલી પર ભાર મૂકવામાં આવે છે.

### ત્રિદોષ આધારિત પ્રકૃતિનું વર્ગીકરણ :

આયુર્વેદે પ્રકૃતિને મુખ્યત્વે ત્રિદોષના આધારે વર્ગીકૃત કરી છે. આ ત્રિદોષ શરીરના તમામ શારીરિક અને માનસિક કાર્યોનું સંચાલન કરે છે.

૧. **વાત પ્રકૃતિ :** વાત પ્રકૃતિમાં વાયુ અને આકાશ તત્વનું પ્રાધાન્ય હોય છે. આવા વ્યક્તિઓ સામાન્ય રીતે પાતળા શરીરવાળા, ચંચળ, ઝડપથી કામ કરનાર અને વિચારશીલ હોય છે. તેમને ઠંડી સહન ન થવી, સપનામાં ક્યાંક વાદળોમાં ઊડતા હોય આવું પ્રતીત થવું, અને કોઈ પણ રોગોથી જલ્દી પીડાઈ જવુ. તેઓ ઝડપથી શીખે છે પરંતુ ઝડપથી ભૂલી પણ જાય છે. પાચનશક્તિ અનિયમિત હોય છે અને ઊંઘ હળવી હોય છે. વાત પ્રકૃતિના લોકોમાં ભય, ચિંતા અને અસ્થિરતા વધુ જોવા મળે છે.

   **સંધિ અને વાત :** ગેસ, કબજિયાત/ચિંતા, પેનિક ડિસઓર્ડર/અનિદ્રા અને થાક

૨. **પિત્ત પ્રકૃતિ :** પિત્ત પ્રકૃતિમાં અગ્નિ તત્ત્વનું પ્રભુત્વ હોય છે. આવા વ્યક્તિઓ મધ્યમ શરીર રચનાવાળા, બુદ્ધિશાળી, તીવ્ર વિચાર શક્તિવાળા અને નેતૃત્વક્ષમ હોય છે. તેઓ બહુ ઉષ્ણ સહન કરી શકતા નથી, સપનામાં ઉલ્કાપિંડ થવું, આગ લાગેલી જેવી વસ્તુઓ જોવા મળે છે. તેમનો પાચનાગ્નિ તીવ્ર હોય છે અને ભૂખ વધારે લાગે છે. તેમને પરસેવો વધુ વળવો, શરીર ખૂબ જ સુકુમાર હોવું. સ્વભાવમાં ઉગ્રતા, ક્રોધ અને અધીરતા જોવા મળે છે. તેઓમાં તાપ, દાહ અને એસિડિટી જેવી તકલીફોની સંભાવના વધુ હોય છે.

   એસિડિટી, ગેસ્ટ્રાઇટિસ/હાઈ બીપી/ચામડીના રોગો/માઇગ્રેન/ઇરિટેબિલિટી અને બર્નઆઉટ.

૩. **કફ પ્રકૃતિ :** કફ પ્રકૃતિમાં પૃથ્વી અને જળ તત્ત્વનું પ્રાધાન્ય હોય છે. આવા વ્યક્તિઓ મજબૂત શરીરવાળા, શાંત સ્વભાવના, સહનશીલ અને સ્થિર ચિત્તવાળા હોય છે. તેમની પાચનશક્તિ મંદ હોય છે પરંતુ સહનશક્તિ ઉત્તમ હોય છે. તેઓ ધીમે શીખે છે પરંતુ લાંબા સમય સુધી યાદ રાખે છે. કફ પ્રકૃતિમાં સ્થૂલતા, આળસ અને

 ISSN 0976-9609

શ્લેષ્મ સંબંધિત રોગોની સંભાવના વધુ રહે છે. સ્થૂલતા/ડાયાબિટીસ મેલિટસ/હાઈ કોલેસ્ટ્રોલ/ ડિપ્રેશન અને ઉદાસીનતા.

**દ્વિદોષજ અને સમદોષજ પ્રકૃતિ :**

ઉપરોક્ત ત્રણ મુખ્ય પ્રકૃતિ સિવાય, દ્વિદોષજ પ્રકૃતિ (વાત-પિત્ત, પિત્ત-કફ, વાત-કફ) અને દુર્લભ સમદોષજ પ્રકૃતિ પણ વર્ણવાય છે. દ્વિદોષજ પ્રકૃતિમાં બે દોષોના લક્ષણો એકસાથે જોવા મળે છે. સમદોષજ પ્રકૃતિને શ્રેષ્ઠ માનવામાં આવે છે કારણ કે તેમાં ત્રિદોષનું સંતુલન ઉત્તમ હોય છે.

**આધુનિક વિજ્ઞાન સાથે પ્રકૃતિનો સહસંબંધ :**

આજના યુગમાં આધુનિક વિજ્ઞાન પણ વ્યક્તિગત આરોગ્યની વાત કરે છે-જેને Personalized Medicine અથવા Genomic Medicine તરીકે ઓળખવામાં આવે છે. જિનેટિક્સ, મેટાબોલિઝમ અને સાઇકોલોજી આધારિત અભ્યાસો આયુર્વેદિક પ્રકૃતિના સિદ્ધાંત સાથે અદ્ભુત સમાનતા દર્શાવે છે. આયુર્વેદ હજારો વર્ષો પહેલા જે વાત કરી ગયો હતો-કે દરેક વ્યક્તિ અલગ છે-તે જ વાત આધુનિક વિજ્ઞાન આજે સ્વીકારી રહ્યું છે. પ્રકૃતિ અને જિન સંરચના વચ્ચેનો સંબંધ આજના સંશોધનમાં ધીમે ધીમે સ્પષ્ટ થઈ રહ્યો છે.

**આજની જીવનશૈલી અને પ્રકૃતિ પર તેની અસરઃ**

આજનું જીવન ઝડપી, તણાવસભર અને મશીન આધારિત બની ગયું છે. અનિયમિત ભોજન, ફાસ્ટ ફૂડ, કૃત્રિમ પેય પદાર્થો, ઊંઘની અછત, મોબાઇલ અને સોશિયલ મીડિયાનો અતિશય ઉપયોગ- આ બધું પ્રકૃતિના સંતુલનને બગાડે છે. જો આમ ટૂંકમાં જોવા જઈએ તો વાત પ્રકૃતિના લોકોમાં ચિંતા, ગભરાટ અને અનિદ્રા વધી રહી છે; પિત્ત પ્રકૃતિમાં ક્રોધ, એસિડિટી અને હોર્મોનલ અસંતુલન જોવા મળે છે; જ્યારે કફ પ્રકૃતિમાં સ્થૂલતા, આળસ અને મેટાબોલિક રોગો વધી રહ્યા છે. આથી પ્રકૃતિને ધ્યાનમાં રાખીને જીવન જીવવું આજના યુગમાં વધુ જરૂરી બન્યું છે.

**બાળકો અને યુવાનોમાં પ્રકૃતિનું મહત્ત્વ :**

આજના બાળકોમાં રમતોના બદલે સ્ક્રીન સમય વધી રહ્યો છે. આ કારણે બાળપણમાં જ કફ પ્રકૃતિ બગડે છે અને સ્થૂલતા, એલર્જી અને ઇમ્યુનિટી ઘટે છે. જો બાળકની પ્રકૃતિને અવગણીને ખોરાક અને જીવનશૈલી અપનાવવામાં આવે, તો ભવિષ્યમાં મેટાબોલિક રોગોનું જોખમ વધે છે.

યુવા અવસ્થા એ ઊર્જા અને સપનાઓથી ભરપૂર સમય છે, પરંતુ આ સમયગાળામાં ખોટી આદતો ઝડપથી સ્થાયી થાય છે. પ્રકૃતિને અવગણીને કરેલી જીવનશૈલી લાંબા ગાળે ગંભીર રોગોનું કારણ બની શકે છે. આયુર્વેદિક દૃષ્ટિકોણથી જોવામાં આવે, તો આ ''અપ્રજ્ઞાપરાધ'' છે-જ્યાં જાણતા હોવા છતાં ખોટી આદતો અપનાવવામાં આવે છે.

**પ્રકૃતિ અનુસાર આહાર-વિહાર અને લાઈફસ્ટાઈલ સૂચનો :**

**વાત પ્રકૃતિ :**

- ★ ગરમ, તાજું અને સ્નિગ્ધ આહાર (ઘી, સૂપ, ખીચડી)
- ★ સમયસર ભોજન અને ઉપવાસ ટાળવો
- ★ તિલ તેલથી અભ્યંગ કરવો
- ★ નિયમિત અને પૂરતી ઊંઘ
- ★ હળવો યોગ અને પ્રાણાયામ

**પિત્ત પ્રકૃતિ :**

- ★ શીતલ અને મધુર આહાર (દૂધ, નાળિયેર પાણી, દ્રાક્ષ)
- ★ તીખું, ખાટું અને ફાસ્ટ ફૂડ ઓછું કરવું
- ★ શીતલી/શીતકારી પ્રાણાયામ
- ★ ધ્યાન દ્વારા ક્રોધ નિયંત્રણ
- ★ તણાવ અને અતિસ્પર્ધાથી દૂર રહેવું.

**કફ પ્રકૃતિ :**

★ હળવું, ગરમ અને તીખો આહાર
★ આદુ, મરી, હળદરનો ઉપયોગ
★ મીઠાઈ અને દહીં ઓછું લેવું.
★ દૈનિક વ્યાયામ અને સૂર્યનમસ્કાર
★ વહેલી સવારે ઊઠવાની ટેવ

**સર્વ માટે સામાન્ય વેલનેસ ટીપ્સ :**

★ સમયસર ભોજન અને ઊંઘ
★ ઋતુચર્યા અનુસાર જીવન
★ પ્રોસેસ્ડ ફૂડ ટાળવું
★ રોજ ૧૦-૧૫ મિનિટ ધ્યાન
★ અઠવાડિયામાં એક દિવસ ડિજિટલ ડિટોક્સ
★ કુદરત સાથે સમય વિતાવવો
★ સકારાત્મક વિચારધારા જાળવવી.

**બાળકો અને યુવાનો માટે સૂચનાઓ :**

★ બાળપણ એ પ્રકૃતિને સ્વસ્થ રીતે વિકસાવવાનો સુવર્ણ સમય છે.
★ બાળકની ભૂખ અને પાચન શક્તિ પ્રમાણે આહાર આપવો.
★ વધુ પેકેટ ફૂડ અને મીઠાઈઓથી બચાવવું.
★ રોજિંદી રમત-ગમત અને કુદરત સાથેનો સંપર્ક વધારવો.
★ મોબાઇલ અને ટીવીનો સમય મર્યાદિત રાખવો.
★ પૂરતી ઊંઘ અને નિયમિત દિનચર્યા વિકસાવવી.
★ બાળકોને ઋતુ અનુસાર તાજું, પૌષ્ટિક અને સરળ પચનક્ષમ ભોજન આપવું જોઈએ.
★ વધુ મીઠું, તીખું બાળકની પ્રકૃતિને નુકસાન પહોંચાડે છે. ખુલ્લી હવામાં રમવું, સૂર્યપ્રકાશ મેળવવો અને કુદરત સાથે જોડાવું બાળકના માનસિક વિકાસ માટે પણ આવશ્યક છે.

● તેવી જ રીતે, યુવા વયમાં ખોટી જીવનશૈલીના કારણે રોગો ઝડપથી વિકસે છે તેથી બચવા માટે,
● પોતાની પ્રકૃતિ મુજબ આહાર અને વ્યાયામ પસંદ કરવો.
● તણાવ ઘટાડવા યોગ, પ્રાણાયામ અને ધ્યાન અપનાવવું.
● અનિયમિત ઊંઘ, નશીલા પદાર્થો અને અતિશય સ્ક્રીન સમયથી બચવું.
● સમયસર ભોજન અને ઋતુ અનુસાર જીવનશૈલી અપનાવવી.
● માનસિક સ્વાસ્થ્યને પણ એટલું જ મહત્ત્વ આપવું જેટલું શારીરિક સ્વાસ્થ્યને.

**પ્રકૃતિ આધારિત સમાજ :**

ભવિષ્યની દિશા જો સમાજમાં પ્રકૃતિ અંગે જાગૃતિ ફેલાય, તો આરોગ્ય વ્યવસ્થા માત્ર રોગ ઉપચાર સુધી સીમિત નહીં રહે, પરંતુ રોગ નિવારણ તરફ આગળ વધશે. શાળા શિક્ષણમાં પ્રકૃતિ અને આયુર્વેદિક જીવનશૈલીનો સમાવેશ કરવામાં આવે, તો બાળકો શરૂઆતથી જ સ્વસ્થ જીવન જીવવાનું શીખશે.

**ઉપસંહાર :**

પ્રકૃતિ એ આયુર્વેદનો આત્મા છે. આજના આધુનિક યુગમાં, જ્યાં રોગો જીવનશૈલી સાથે સીધા જોડાયેલા છે, ત્યાં પ્રકૃતિને સમજવી અને તે પ્રમાણે જીવન જીવવું એ સાચું આરોગ્ય છે. બાળકો અને યુવાઓમાં પ્રકૃતિ આધારિત વિચારધારાનો વિકાસ કરવો એ સ્વસ્થ, સંતુલિત અને સુખી ભવિષ્ય તરફનું મજબૂત પગલું છે.

प्रकृति को जानो खुद को पहचानो स्वास्थ पाओ सुखी बन जाओ ।

---

[1]વિભાગાધ્યક્ષ ક્રિયા શરીર
[2]તૃતીય વર્ષ બી.એ.એમ.એસ.
જી.જે.પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ
એન્ડ રિસર્ચ સેન્ટર, ન્યૂ વલ્લભ વિદ્યાનગર

|| અહેવાલ ||

## KG Birthday Celebration : A Sweet Step Towards Healthy Living: V and C Patel English School Kindergarten's Thoughtful Birthday Celebration Initiative

**Shefaly Mahajan**

At V and C Patel English School Kindergarten, every birthday is a celebration of life, learning, and values. In a heartfelt and forward-thinking move, the school has introduced a Healthy Birthday Celebration Policy that reflects its commitment to student's well-being and holistic development.

Gone are the days of chocolates, cakes, and sugary treats filling the classroom. Instead, the school now encourages families to mark their child's special day by bringing fresh fruits, dry fruits, or homemade sweets made with jaggery. This initiative not only promotes healthy eating habits but also instills the values of simplicity, thoughtfulness, and community sharing in our little ones.



This change has been embraced warmly by both parents and students. Fresh fruits like bananas, apples, oranges, and seasonal treats now brighten up birthday tables, while nutritious jaggery-based sweets offer a wholesome alter- native to refined sugar. The practice also respects children with dietary restrictions or allergies and ensures inclusivity for all.

The goal behind this initiative is clear: to nurture lifelong healthy habits, create awareness about nutrition, and celebrate special moments in a meaningful, mindful way.

The school deeply appre- ciates the support of its parents in making this shift successful. Together, we are not only making birthdays joyful but also teaching our children the importance of making healthy and kind choices—one celebration at a time.

V and C Patel English School
Vallabh Vidyanagar





**સીવીએમ યુનિવર્સિટીની એડીઆઈટી કોલેજ દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે એલ્યુમની મીટનું અમદાવાદ ખાતે આયોજન** : સીવીએમ યુનિવર્સિટીની એડીઆઇટી કોલેજ દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે તારીખ ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ એડીઆઇટી એલ્યુમની મીટનું અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA), અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવ્યું હતુ.

આ એલ્યુમની મીટમાં એડીઆઇટી પ્રિન્સિપાલ ડૉ. વિશાલ સિંઘ, હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ, એલ્યુમનીની કોર્ડિનેટર્સ, તથા બધી બ્રાન્ચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. એલ્યુમની કોર્ડિનેટર ડૉ. હાર્દિક શાહના જણાવ્યા મુજબ આ એલ્યુમની મીટ દરમિયાન વિદ્યાર્થીઓના ઇન્ટર્નશીપ, પ્રોજેક્ટ, એક્સપર્ટ ટોક, જેવી વિવિધ ઇવેન્ટ્સને પ્રોત્સાહન આપવા માટે એલ્યુમનીની કંપનીઓ સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા, જેમાં કાલ્ડેન એન્જીમેક પ્રાઇવેટ લિમિટેડ, અનમોલ એન્જીમેક, તથા ટ્રિક્સહીટ પાવર પ્રાઇવેટ લિમિટેડ, જેવી વિવિધ કંપનીઓનો સમાવેશ થાય છે.

આ એલ્યુમની મીટનું આયોજન કરવા બદલ સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ માનનીય શ્રી ભીખુભાઈ પટેલ, પ્રોવોસ્ટ પ્રો. (ડૉ.) ઇન્દ્રજીત પટેલ દ્વારા એડીઆઇટી કોલેજ તથા તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

**નલિની-અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આર્ટ્સ કૉલેજમાં બે રાષ્ટ્રીય સંગોષ્ઠીઓ સંપન્ન** : ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આર્ટ્સ કૉલેજ દ્વારા તાજેતરમાં શૈક્ષણિક અને વૈચારિક આદાનપ્રદાનના ભાગરૂપે બે મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રીય સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત જ્ઞાન સંઘ (KCG) અને રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન (RUSA) ના સંયુક્ત સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમોમાં દેશભરના વિદ્વાનો, સંશોધકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

પ્રથમ સેમિનાર રાજ્યશાસ્ત્ર વિભાગ દ્વારા 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' વિષય પર યોજાયો હતો, જેમાં ભારતીય ચૂંટણી વ્યવસ્થામાં સુધારા, વહીવટી કાર્યક્ષમતામાં વધારો અને વારંવાર આવતી આચાર સંહિતાને કારણે અટકી પડતા વિકાસકાર્યો જેવા ગહન મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં CVM ના માનદ્ મંત્રી ડૉ. એસ. જી. પટેલ, SPU ના કુલપતિ પ્રો.નિરંજનભાઈ પટેલ, સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના પ્રો.મનીષ અને કેન્દ્રીય વિશ્વવિદ્યાલય જમ્મુના ડૉ.તિલકરાજ શર્મા જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારનું સંચાલન આચાર્ય ડૉ. બી. એમ. પરમાર, સંયોજક ડૉ.મીનેષભાઈ પટેલ અને સહ-સંયોજક ડૉ. ઉમા શર્માના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું, જેમાં ૧૪ થી વધુ પેટા-વિષયો પર સંશોધન પત્રો રજૂ થયા હતા.

બીજી તરફ, ૧૬-૧૭ માર્ચ, ૨૦૨૬ ના રોજ લોહપુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ વિષય પર યોજાયેલ રાષ્ટ્રીય સંગોષ્ઠી સેમિનારના ઉદ્ઘાટન સત્રમાં અધ્યક્ષ સ્થાને સી. વી. એમ. યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. ડૉ. ઇન્દ્રજિત પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તાઓ તરીકે હિમાચલ પ્રદેશના પ્રો. ચેતરામજી ગર્ગ અને ગુજરાત સ્ટેટ આર્કાઈવ્ઝના ડાયરેક્ટર પ્રો.ડૉ. શૈલેષ સોલંકીએ સરદાર પટેલના જીવન, રજવાડાંઓના વિલીનીકરણમાં તેમની નિર્ણાયક ભૂમિકા અને રાષ્ટ્ર નિર્માણ પર ઊંડાણપૂર્વક પ્રકાશ પાડ્યો હતો. આ સંગોષ્ઠીમાં ડૉ. વસંતકુમાર પટેલ, ડૉ. જિગીષકુમાર પંડ્યા, ડૉ.મૌલેશ પંડ્યા સહિતના નિષ્ણાતોએ વિવિધ ટેકનિકલ સત્રોમાં માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ આયોજનને સફળ બનાવવામાં આચાર્ય ડૉ. બી. એમ. પરમાર, સંયોજક ડૉ. શૈલેષ રૂડાણી અને સહ સંયોજક ડૉ. શિલ્પા કામલિયાની ભૂમિકા મહત્ત્વની રહી હતી.


ISSN 0976-9609

# સીવીએમ યુનિવર્સિટી દ્વારા આયોજીત  હેકાથોન 4.0 ને ભવ્ય સફળતા.




ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી દ્વારા આયોજિત CVMU હેકાથોન 4.0, તારીખ ૬ અને ૭ માર્ચ ૨૦૨૬ ના રોજ યોજવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન ન્યૂ વલ્લભ વિદ્યાનગર સ્થિત એ. ડી. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (ADIT) અને મધુબેન એન્ડ ભાનુભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (MBIT) દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. હેકાથોનને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો જેમાં ૪૦ થી વધુ સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતી ૩૬૪ થી વધુ ટીમોએ આ ભવ્ય ઈનોવેશન ચેલેન્જમાં ભાગ લીધો. પ્રારંભિક મૂલ્યાંકન રાઉન્ડ પછી, ૧૩૪ ટીમો ૩૬ કલાકના મેરેથોન હેકિંગ સત્રમાં આગળ વધી, જ્યાં તેઓએ અસાધારણ સર્જનાત્મકતા, તકનીકી શ્રેષ્ઠતા અને સમસ્યાનું નિરાકરણ કરવાની ક્ષમતાઓ દર્શાવી.

આ કાર્યક્રમમાં વધુ ઉત્સાહ ઉમેરતા, વિવિધ શાળાઓની ૨૦ ઉત્સાહી ટીમોએ પણ ભાગ લીધો અને તેમના નવીન વિચારો અને પ્રોટોટાઇપ્સ રજૂ કર્યા. હેકાથોન માં લાઇફ સાયન્સ એન્ડ એગ્રીકલ્ચર, એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી અને ઈમર્જિંગ ટેકનોલોજી જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. CVM યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ. ભીખુભાઈ પટેલ, પ્રોવોસ્ટ પ્રો. (ડૉ.) ઈન્દ્રજિત પટેલ ની ઉદ્‌ઘાટન સમારોહ માં વિશેષ હાજરી રહી હતી અને સમાપન સમારોહ માં વિજેતા ઓ ને બિરદાવવામાં આવ્યા હતા. બંને સંસ્થાના પ્રિન્સિપાલશ્રીઓ ડૉ. વિશાલ સિંઘ અને ડૉ. મૌલિકા પટેલનો તેમના સંસ્થાકીય સમર્થન અને સહકાર બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

**BOOK POST**
April 2026

V-Vidyanagar 28 (4)
Published on 05/4/2026
No. of Pages 32 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2024-26
RNI Regd. No. GUJGUJ/2001/05433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month

## ચારુતર વિદ્યામંડળ દ્વારા વલ્લભ વિદ્યાનગરના ૮૧મા સ્થાપના દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.



શિક્ષણ નગરી વલ્લભ વિદ્યાનગર ખાતે ૩ માર્ચ, ૨૦૨૬ને મંગળવારના રોજ ચારુતર વિદ્યામંડળ દ્વારા વલ્લભ વિદ્યાનગરના ૮૧મા સ્થાપના દિન નિમિત્તે આદ્યસ્થાપકોની પ્રતિમાઓનું સવારે ૮-૩૦ કલાકે મહાનુભાવો દ્વારા પુષ્પાંજલિ કર્યા બાદ ૯-૦૦ કલાકે વલ્લભ વિદ્યાનગર ખાતે શાસ્ત્રી મેદાનમાં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

વલ્લભ વિદ્યાનગરના ૮૧મા સ્થાપના દિન કાર્યક્રમમાં મુખ્ય મહેમાનશ્રી વિક્રમભાઈ ડી.પટેલ, મોગરી(યુએસએ), ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ અને સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ. ભીખુભાઈ બી.પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરશ્રી પ્રો.(ડૉ). નિરંજનભાઈ પટેલ, મંડળના ટ્રસ્ટીશ્રી હેમંતભાઈ જે. પટેલ, ઉપપ્રમુખશ્રી મનિષભાઈ એસ. પટેલ, માનદ્ મંત્રીશ્રી ડૉ. એસ. જી. પટેલ, માનદ્ સહમંત્રીશ્રીઓ શ્રી મેહુલ ડી. પટેલ તથા શ્રી વિશાલ એચ. પટેલ, ધી ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો.(ડૉ.) ઈન્દ્રજિત એન. પટેલ, ચારુતર વિદ્યામંડળની ગવર્નિંગ-કાઉન્સિલના સભ્યશ્રીઓ, દાતાશ્રીઓ, સીવીએમ યુનિવર્સિટીના પદાધિકારીશ્રીઓ, સંસ્થાઓના આચાર્યશ્રી / વડાશ્રીઓ, આમંત્રિત મહેમાનો, અન્ય શૈક્ષણિક ટ્રસ્ટ/સંસ્થાના હોદ્દેદારો, ચારુતર વિદ્યામંડળ અને ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી પરિવારના સભ્યો, વિદ્યાર્થી ભાઈઓ-બહેનો તથા વલ્લભ વિદ્યાનગરના નગરજનો ઉપસ્થિત રહયા હતા.

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )